CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 17


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 32, Dt. 05-06-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789


## શિક્ષણ બન્યુ મોંઘુ : ફી, બસ, યુનિફોર્મ, સ્ટેશનરી બધુ મોંઘુ

# રાજકોટમાં સ્કૂલ ફીમાં 1500થી 5000 સુધીનો ભાવ વધારો


## મધ્યમવર્ગ માટે શિક્ષણ ખર્ચ બન્યો પડકાર : બે છેડા ભેગા કરવા અઘરા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ૧૨ જૂનથી શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે, ત્યારે જ વાલીઓ પર મોંઘવારીનો મોટો બોજો આવી પડ્યો છે. શહેરની અનેક શાળાઓએ પોતાની ફીમાં તોતિંગ વધારો કર્યો હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ ગુજરાતી માધ્યમની શાળાઓમાં રૂ. ૧૫૦૦થી ૨૭૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ઈંગ્લિશ માધ્યમની શાળાઓમાં રૂ. ૩૫૦૦થી ૫૦૦૦ સુધી ફી વધારવામાં આવી છે. આ વધારાને કારણે મધ્યમવર્ગીય પરિવારો માટે બાળકોનું શિક્ષણ વધુ મોંઘું બન્યું છે. ફક્ત શાળા ફી જ નહીં પરંતુ સ્કૂલ રિક્ષા, બસ અને વાનના ભાડામાં પણ વધારો નોંધાયો છે. સાથે સાથે સ્કૂલ યુનિફોર્મના ભાવમાં પણ વધારો થતાં વાલીઓના ખર્ચમાં વધુ વધારો થયો છે. એક તરફ શાકભાજી, કઠોળ, તેલ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે, ત્યારે બીજી તરફ શિક્ષણ ખર્ચમાં થયેલા વધારાએ વાલીઓ માટે પરિસ્થિતિ વધુ કઠિન બનાવી દીધી છે. અનેક વાલીઓએ જણાવ્યું કે હાલની પરિસ્થિતિમાં બે છેડા ભેગા કરવું મુશ્કેલ બની રહ્યું છે.

વાલીઓમાં આ મુદ્દે રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ શાળા સંચાલકો પાસે ફી વધારો ઘટાડવા અથવા તબક્કાવાર વસૂલાત કરવાની માંગ કરી રહ્યા છે. જો સમયસર કોઈ રાહત ન મળે તો આ મુદ્દે વિરોધ ઉગ્ર બનવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.




## રાજ્યમાં પાઠ્ય પુસ્તકોના ભાવમાં કોઈ વધારો નહીં થાય

ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ગેસ સહિત પેટ્રોલ ડીઝલ પર થઈ છે અને તેના ભાવમાં તબક્કાવાર વધારો થયો છે. આવી જ અસર વિદેશથી આયાત થતી દરેક ચીજ વસ્તુઓમાં થાય છે. પુસ્તકો માટેના કાગળ પણ વિદેશથી આવે છે. તેના ભાવમાં પણ વધારો થયો છે. પરંતુ તેનો બોજ વાલીઓ પર ન પડે તે હેતુસર ગુજરાત સરકારે પાઠ્ય પુસ્તકોમાં ભાવ વધારો નહીં કરવાનો નિર્ણય કર્યો હોવાનું પાઠ્ય પુસ્તક બોર્ડના કાર્યવાહક ચેરમેન મનુભાઈ પાવરાએ જણાવ્યું છે. આગામી ૮ જૂનના રોજ સ્કૂલોમાં વેકેશન ખુલી રહ્યું છે. જેથી વાલીઓ પણ પુસ્તકો સહિતની ખરીદીમાં વ્યસ્ત છે. હાલ નોટબુક અને સ્ટેશનરી સહિતની વસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો થયો છે. જો કે રાજ્ય સરકારના આ નિર્ણયથી મોંઘવારમાં થોડી ઘણી રાહત મળશે. મનુભાઈ પાવરાએ કહ્યું કે, જૂના ભાવથી જ બોર્ડના પુસ્તકો વાલીઓને મળશે. જો કે તેમણે વધુમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે હાલની સ્થિતિના કારણે પુસ્તકો વહેલી તકે વિદ્યાર્થીઓને મળી રહે તેવી બોર્ડ તરફથી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

## મોંઘવારીથી પરિવાર દીઠ 5 હજારથી વધુનો ખર્ચ વધ્યો

### રાજકોટમાં 41%ના મતે સ્થિતિ પણ કથળી

૨૦૨૫ ની સરખામણીએ ૨૦૨૬ માં લોકોનો ઘરખર્ચ વધ્યો હોવાનું ૮૪ ટકા રાજકોટીયન્સ માનવું છે. આર્થિક પરિસ્થિતિ અંગે કરેલા સર્વેમાં ૮૮ ટકા લોકોની આગાહી છે કે, ૨૦૨૭માં પણ ઘરખર્ચ સતત વધશે. રોજિંદા વપરાશમાં આવતા બટાકા અને ટામેટા, દાળ, કઠોળ અને લસણના ભાવમાં આકરો વધારો થતાં ઘરખર્ચનું બજેટ વધી ગયું છે. સરવેમાં ભાગ લેનારા ૪૧ ટકા લોકોનું માનવું છે કે ગત વર્ષની સરખામણીએ ૨૦૨૫માં તેમની આર્થિક સ્થિતિ કથળી હતી. ૨૬ ટકા લોકોના મતે આગામી વર્ષે પણ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થવાની કોઈ શક્યતા નથી. જ્યારે ૩૬ ટકા લોકોએ મોંઘવારી વધતા બિનજરૂરી ખર્ચમાં કાપ મૂકયો હોવાનું કબૂલ્યુ હતું. આ ઉપરાંત ૩૪ ટકા લોકોએ બિનજરૂરી ખર્ચમાં કામ મૂક્યો હોવાનું કહે છે.

### જીવનજરૂરી વસ્તુનો ખર્ચ

| વસ્તુ | 2023 | 2024 | 2025 (અંદાજિત) | 2026 (અંદાજિત) |
|---|---|---|---|---|
| તુવેર દાળ | 180 | 230 | 245 | 255 |
| મગની દાળ | 112 | 160 | 170 | 180 |
| ચણાની દાળ | 100 | 150 | 160 | 165 |
| અડદની દાળ | 120 | 200 | 210 | 220 |
| ચોખા | 35 | 71 | 78 | 85 |
| સિંગતેલ | 173 | 191 | 200 | 210 |
| કપાસિયા | 106 | 149 | 155 | 165 |
| ઘઉંનો લોટ | 30 | 45-55 | 55-60 | 60-65 |
| લસણ | 110 | 400 | 250-300 | 300-320 |

# રાજકોટ FRCએ નક્કી કરેલી ફી
# કોઈ સ્કૂલ વધારે લે તો જાણ કરો

**School Name : SHREE K. G. DHOLAKIYA SCHOOL (24091501363)**

Medium : Gujarati | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : NA | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| JR. KG | 0 | 0 | - | - | - | - | - | 37500 | 39400 | 41400 |
| 1 | 29500 | 32450 | 35500 | 26625 | 35500 | 37950 | 40725 | 40725 | 42800 | 44900 |
| 2 | 29500 | 32450 | 35500 | 26625 | 35500 | 37950 | 40725 | 40725 | 42800 | 44900 |
| 3 | 29500 | 32450 | 35500 | 26625 | 35500 | 37950 | 40725 | 40725 | 42800 | 44900 |
| 4 | 29500 | 32450 | 35500 | 26625 | 35500 | 37950 | 40725 | 40725 | 42800 | 44900 |
| 5 | 29500 | 32450 | 35500 | 26625 | 35500 | 37950 | 40725 | 40725 | 42800 | 44900 |
| 6 | 30000 | 33000 | 36000 | 26625 | 36000 | 38500 | 41300 | 41300 | 43400 | 45600 |
| 7 | 30000 | 33000 | 36000 | 26625 | 36000 | 38500 | 41300 | 41300 | 43400 | 45600 |
| 8 | 30000 | 33000 | 36000 | 26625 | 36000 | 38500 | 41300 | 41300 | 43400 | 45600 |
| 9 | 30500 | 33550 | 37000 | 27750 | 37000 | 39550 | 41300 | 42440 | 44600 | 46800 |
| 10 | 32500 | 35750 | 39000 | 29250 | 39000 | 41700 | 44725 | 44725 | 47000 | 49400 |
| General - 11 | 30000 | 33000 | 36300 | 27225 | 36300 | 38850 | - | 41625 | 43700 | 45900 |
| General - 12 | 32000 | 35200 | 39000 | 29250 | 39000 | 41700 | - | 44725 | 47000 | 49400 |

**School Name : CRYSTAL PUBLIC SCHOOL (ENG MED) (24091004919)**

Medium : English | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : View | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| JR. KG | 20000 | 22000 | 24000 | 18000 | 31400 | 33600 | 35950 | 37800 | 39600 | 41600 |
| 1 | 20000 | 23000 | 25000 | 18750 | 32730 | 35020 | 37470 | 39300 | 41300 | 43400 |
| 2 | 20000 | 23000 | 25000 | 18750 | 32730 | 35020 | 37470 | 39300 | 41300 | 43400 |
| 3 | 20000 | 23000 | 25000 | 18750 | 32730 | 35020 | 37470 | 39300 | 41300 | 43400 |
| 4 | 20000 | 23000 | 25000 | 18750 | 32730 | 35020 | 37470 | 39300 | 41300 | 43400 |
| 5 | 20000 | 23000 | 25000 | 18750 | 32730 | 35020 | 37470 | 39300 | 41300 | 43400 |
| 6 | 21000 | 24000 | 26000 | 19500 | 34100 | 36500 | 39050 | 41000 | 43000 | 45000 |
| 7 | 21000 | 24000 | 26000 | 19500 | 34100 | 36500 | 39050 | 41000 | 43000 | 45000 |
| 8 | 21000 | 24000 | 26000 | 19500 | 34100 | 36500 | 39050 | 41000 | 43000 | 45000 |
| 9 | 0 | 0 | - | - | 35450 | 37930 | 40600 | 42600 | 44800 | 47000 |
| 10 | 0 | 0 | - | - | 37300 | 39900 | 42700 | 44800 | 47000 | 49500 |
| General - 11 | 0 | 0 | - | - | 39550 | 42320 | 45300 | 47500 | 50000 | 52500 |
| General - 12 | 0 | 0 | - | - | 39550 | 42320 | 45300 | 47500 | 50000 | 52500 |
| Science - 11 | 0 | 0 | - | - | 71000 | 76000 | 81300 | 85400 | 89600 | 94100 |
| Science - 12 | 0 | 0 | - | - | 71000 | 76000 | 81300 | 85400 | 89600 | 94100 |
| SR. KG | 20000 | 22000 | 24000 | 18000 | 31400 | 33600 | 37470 | 37800 | 39600 | 41600 |

**School Name : BAPS SWAMINARAYAN VIDYAMANDIR - UNIT-2 (UPPER PRIMARY SCHOOL) BOYS ENG. MED. (24090208259)**

Medium : English | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : NA | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 0 | 0 | - | - | - | 30000 | 32100 | 34350 | 36000 | 38200 |
| 7 | 0 | 0 | - | - | - | 30000 | 32100 | 34350 | 36000 | 38200 |
| 8 | 0 | 0 | - | - | - | 30000 | 32100 | 34350 | 36000 | 38200 |

**School Name : INNOVATIVE SCHOOL (24091501242)**

Medium : English | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : NA | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Play Group | 13000 | 15000 | 16500 | 12375 | 30500 | 32650 | - | 35000 | 36100 | 37200 |
| 1 | 25000 | 27500 | 29500 | 22125 | 32450 | 34750 | - | 37200 | 38300 | 39400 |
| 2 | 25000 | 27500 | 29500 | 22125 | 32450 | 34750 | - | 37200 | 38300 | 39400 |
| 3 | 25000 | 27500 | 29500 | 22125 | 32450 | 34750 | - | 37200 | 38300 | 39400 |
| 4 | 25000 | 27500 | 29500 | 22125 | 32450 | 34750 | - | 37200 | 38300 | 39400 |
| 5 | 25500 | 28000 | 30000 | 22500 | 33000 | 35300 | - | 27100 | 27900 | 28700 |
| 6 | 25500 | 28000 | 30000 | 22500 | 33000 | 35300 | - | 27100 | 27900 | 28700 |
| 7 | 25500 | 28000 | 30000 | 22500 | 33000 | 35300 | - | 27100 | 27900 | 28700 |
| 8 | 25500 | 28000 | 30000 | 22500 | 33000 | 35300 | - | 27100 | 27900 | 28700 |
| NR TO UKG | 24000 | 26500 | 28000 | 21000 | 30500 | 32650 | - | 35000 | 36100 | 37200 |

**School Name : ATMIYA SHISHU VIDYAMANDIR (ENG. MED.) (24091501334)**

Medium : English | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : NA | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 27000 | 28500 | 30500 | 22875 | 35350 | 37850 | 40500 | 42500 | 44700 | 46900 |
| 2 | 27000 | 28500 | 30500 | 22875 | 35350 | 37850 | 40500 | 42500 | 44700 | 46900 |
| 3 | 27000 | 28500 | 30500 | 22875 | 35350 | 37850 | 40500 | 42500 | 44700 | 46900 |
| 4 | 27000 | 28500 | 30500 | 22875 | 35350 | 37850 | 40500 | 42500 | 44700 | 46900 |
| 5 | 27000 | 28500 | 30500 | 22875 | 35350 | 37850 | 40500 | 42500 | 44700 | 46900 |
| 6 | 23500 | 25000 | 27000 | 20250 | 30950 | 33100 | 35450 | 37500 | 39400 | 41300 |
| 7 | 23500 | 25000 | 27000 | 20250 | 30950 | 33100 | 35450 | 37500 | 39400 | 41300 |
| 8 | 23500 | 25000 | 27000 | 20250 | 30950 | 33100 | 35450 | 37500 | 39400 | 41300 |
| Pre-Primary | 0 | 0 | - | - | - | - | - | 32000 | 33600 | 35300 |

**School Name : CHRIST SCHOOL (24091502409)**

Medium : English | Board : GSHSEB

Fee Status : Final | Pro. Order : NA | Aff. Order : NA

| Standard | Approved Fee (2017 - 2018) | Approved Fee (2018 - 2019) | Approved Fee (2019 - 2020) | Approved Fee (2020 - 2021) | Approved Fee (2021 - 2022) | Approved Fee (2022 - 2023) | Approved Fee (2023 - 2024) | Approved Fee (2024 - 2025) | Approved Fee (2025 - 2026) | Approved Fee (2026 - 2027) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 37380 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 2 | 37380 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 3 | 37380 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 4 | 37380 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 5 | 37380 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 6 | 0 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 7 | 0 | 36000 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 8 | 0 | 0 | 38000 | 28500 | 38000 | 41800 | 43000 | 46000 | 49220 | - |
| 9 | 0 | 0 | - | - | 50700 | 54250 | - | 66225 | 70860 | 75821 |
| 10 | 0 | 0 | - | - | - | 54250 | - | 66225 | 70860 | 75821 |




### બિઝનેસ સ્ટાનડર્ડનો અહેવાલ : RBI ને આ પરિસ્થિતિની જાણ કરવામાં આવી

# દેશમાં કેશ કટોકટી! ATM ખાલી

## ગ્રામિણ વિસ્તારમાં ભારે અસર

## 94 હજાર કરોડની જરૂર સામે અડધી જ રોકડ : ATM સિસ્ટમ હચમચી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રોકડની અછતને કારણે દેશભરમાં ATM સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. ATM ઉદ્યોગ સંગઠન CATMi એ ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) ને પત્ર લખીને જણાવ્યું છે કે ઘણા રાજ્યોમાં ATM ને ફરીથી ભરવા માટે પૂરતી રોકડ મળી રહી નથી. આ ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોના લોકોને અસર કરી શકે છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો રોકડ વ્યવહારો પર આધાર રાખે છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડના એક અહેવાલમાં જણાવાયું છે કે, CATMi મુજબ, માર્ચ અને એપ્રિલમાં ATMs ભરવા માટે આશરે રૂ.૯૪,૦૦૦ કરોડની જરૂર હતી. જોકે, માર્ચમાં ફક્ત રૂ.૬૧,૦૦૦ કરોડ અને એપ્રિલમાં રૂ.૫૪,૦૦૦ કરોડ ઉપલબ્ધ હતા. આનો અર્થ એ થયો કે જરૂરી રોકડના ફક્ત ૬૪% અને ૫૭% જ ઉપલબ્ધ હતા. ભારતીય રિઝર્વ બેંક (RBI) ને આ પરિસ્થિતિની જાણ કરવામાં આવી છે.

ATM ઓપરેટરો કહે છે કે વર્તમાન ઈન્ટરચેન્જ ફી તેમના ખર્ચને આવરી લેતી નથી. ઈન્ટરચેન્જ ફી એ એક બેંક દ્વારા બીજી બેંકના ATM નો ઉપયોગ કરવા માટે વસૂલવામાં આવતી રકમ છે. આ ફી હાલમાં રૂ.૧૯ છે. વધતા ઈંધણના ભાવ, પગારમાં વધારો અને રોકડ પરિવહનનો ખર્ચ સતત વધી રહ્યો છે, જેના કારણે ATM કામગીરી વધુ ખર્ચાળ બની રહી છે.

RBI ના મે બુલેટિન અનુસાર,

**ATM ઉદ્યોગ સંગઠને IBA ને પત્ર લખ્યો ઘણા રાજ્યોમાં ATM ને ફરીથી ભરવા પૂરતી રોકડ મળી રહી નથી**

છેલ્લા એક વર્ષમાં ATM વ્યવહારોમાં ૧૦.૪ ટકાનો ઘટાડો થયો છે. એપ્રિલમાં, એટીએમ વ્યવહારોની સંખ્યા ઘટીને ૪૪૬.૫ મિલિયન થઈ ગઈ, જે એક વર્ષ અગાઉ ૪૯૮.૪ મિલિયન હતી. વ્યવહારોનું કુલ મૂલ્ય પણ આશરે રૂ.૨.૬૪ લાખ કરોડથી ઘટીને રૂ.૨.૫ લાખ કરોડ થયું છે. ડિજિટલ વ્યવહારોના વધતા અપનાવણને કારણે લોકો રોકડ ઉપાડ ટાળવા લાગ્યા છે.

રસપ્રદ વાત એ છે કે, દેશમાં ચલણમાં ચલણ સતત વધી રહ્યું છે. ૨૨ મે સુધીમાં, તે રૂ.૪૨.૫૪ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે પાછલા વર્ષની સરખામણીમાં આશરે ૧૨ ટકાનો વધારો છે. આમ છતાં, એટીએમ ઉદ્યોગ કહે છે કે પૂરતી રોકડ એટીએમ સુધી પહોંચી રહી નથી. આનાથી ભવિષ્યમાં એટીએમ સેવાઓ પર દબાણ વધુ વધી શકે છે.

CATMI એટીએમ નેટવર્ક સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયોનું પ્રતિનિધિત્વ કરે છે. આમાં એટીએમ ઉત્પાદકો, વ્હાઈટ-લેબલ એટીએમ ઓપરેટરો, કેશ રિફિલિંગ અને ટ્રાન્સપોર્ટેશન કંપનીઓ અને એટીએમ સુરક્ષા સેવાઓનો સમાવેશ થાય છે.

ઉદ્યોગના આંતરિક સૂત્રો કહે છે કે વર્તમાન સમસ્યાનું મુખ્ય કારણ એટીએમ કામગીરીનો વધતો ખર્ચ છે. એટીએમ વ્યવહારો પર વસૂલવામાં આવતી ઈન્ટરચેન્જ ફી હાલમાં રૂ.૧૯ છે, પરંતુ તે વધતા ખર્ચને આવરી લેતી નથી.

મધ્ય પૂર્વ કટોકટી બાદ ઈંધણના ભાવમાં વધારો થયો છે. વેતન સંહિતા લાગુ થયા પછી ઘણા રાજ્યોમાં લઘુત્તમ વેતનમાં પણ વધારો થયો છે. આનાથી એટીએમ પર રોકડ ડિલિવરી અને સંચાલનનો ખર્ચ નોંધપાત્ર રીતે વધ્યો છે.

આરબીઆઈના મે બુલેટિન અનુસાર, એપ્રિલમાં એટીએમ વ્યવહારોની સંખ્યા એક વર્ષ અગાઉ ૪૯૮.૪ મિલિયનથી ઘટીને ૪૪૬.૫ મિલિયન થઈ ગઈ છે. વ્યવહારોનું કુલ મૂલ્ય પણ રૂ.૨.૫ લાખ કરોડ હતું, જે પાછલા વર્ષના રૂ.૨૬૪ લાખ કરોડ કરતા ઓછું હતું.

ઉદ્યોગ કહે છે કે જ્યારે એટીએમ વ્યવહારોમાં સામાન્ય વાર્ષિક ૨.૫ થી ૩ ટકાનો ઘટાડો અપેક્ષિત હતો, ત્યારે ગયા વર્ષે આ ઘટાડો ૧૦ ટકાથી વધુ રહ્યો છે. ગયા વર્ષના મે મહિનામાં, મફત મર્યાદાથી વધુ ATM ઉપયોગ કરવા માટેની ફી રૂ.૨૧ થી વધારીને રૂ.૨૩ કરવામાં આવી હતી. આનાથી ગ્રાહકોનો ખર્ચ વધ્યો અને ઘણા લોકો ડિજિટલ ચુકવણી તરફ વળ્યા. જોકે આ સમયગાળા દરમિયાન ઈન્ટરચેન્જ ફી પણ રૂ.૧૭ થી વધારીને રૂ.૧૯ કરવામાં આવી હતી, પરંતુ કેશ રિફિલ, ઈંધણ અને સ્ટાફના વધેલા ખર્ચની તુલનામાં આ વધારો ઘણો ઓછો સાબિત થયો.

રસપ્રદ વાત એ છે કે, ૨૨ મે સુધીમાં દેશમાં ચલણમાં કુલ ચલણ રૂ.૪૨.૫૪ લાખ કરોડના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું ત્યારે રોકડની અછતની ફરિયાદો સામે આવી છે.

## ઈલેકટ્રીક કારમાં બાબાનો કાફલો આવ્યો



તસવીરઃ અક્ષય ગોંડલિયા

# રાજકોટ મારૂં પ્રિય શહેરઃ ધીરેન્દ્ર શાસ્ત્રી

## શહેરમાં ઢોલના તાલે બાબાનું સ્વાગત



બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીનું રાજકોટમાં આગમન થયું છે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ ચેલેન્જ આપનારાઓને આપ્યો જવાબ કહ્યું કે, દરેક જગ્યાએ માતા સીતા કરતા પણ વધુ અમારી પરીક્ષા લેવાઈ રહી છે. ચેલેન્જ દેવા વાળાઓને કહેવા માગું છું કે ક્યારેક એવી જગ્યાએ પણ ટિપ્પણી કરો કે જ્યાં ગજવા એ હિન્દી બનાવવા માંગે છે. જે દેશમાં લવ જેહાદ ફેલાવવા માંગે છે. અમે હિન્દૂ રાષ્ટ્ર બનાવવા અને ધર્માંતરણ રોકવાનું કરીએ છીએ એટલે અમારા પર ટિપ્પણીઓ કરી રહ્યા છે. અમારા પર ટિપ્પણી કરવા વારને પણ અમે થેન્ક યુ કહેશું તેમ ધીરેન્દ્ર શાસ્ત્રીએ અંતમાં જણાવ્યું હતું.



## રાજકોટ મનપાની નવનિયૂક્ત શાસકોની પ્રથમ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી

# રેસકોર્સ લાઈટિંગ પ્રોજેક્ટ પેન્ડિંગ 85 કરોડના નવા કામોને ગ્રીન સિગ્નલ



7 માળનું નવું ફાયર સ્ટેશન બનશે — 23.30 કરોડ



શેઠ હાઈસ્કૂલ પાસે ભવ્ય કોમ્યુનિટી હોલ બનશે — 20.53 કરોડ



સોરઠિયાવાડી ગાર્ડનની કાયાપલટ થશે — 3.10 કરોડ

## કાલાવડ રોડ સ્વિમિંગ પૂલ પાસે આવેલ જીમનું સંચાલન ખાનગી એજન્સીને સોંપવાની દરખાસ્ત નામંજૂર

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકની નવનિયુક્ત શાસકોની પ્રથમ અને મહત્વની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે યોજાઈ હતી. આ બેઠકમાં વહીવટી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ દરખાસ્તોમાંથી બહુમતી દરખાસ્તોને લીલીઝંડી આપવામાં આવી છે, જ્યારે બિનજરૂરી ખર્ચ અટકાવવા અને તકનીકી અસ્પષ્ટતાના કારણે કેટલીક દરખાસ્તોને પેન્ડિંગ રાખવામાં આવી છે તેમજ એક દરખાસ્તને સંપૂર્ણપણે રદ્દ કરવામાં આવી છે. જેમાં હાલ ખર્ચ પર કાપ મુકવાના હેતુથી રેસકોર્સ લાઈટિંગ પ્રોજેક્ટ પેન્ડિંગ રાખવામાં આવ્યો છે. તેમજ જીમનું સંચાલન ખાનગી પેઢીને સોંપવાની દરખાસ્ત ફગાવાઈ હતી. જોકે રાજકોટમાં ૭ માળનું નવું ફાયર સ્ટેશન અને કોમ્યુનિટી હોલ બનાવા સહિત રૂ. ૮૫ કરોડનાં કામો મંજુર કરવામાં આવ્યા હતા.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું કે, કમિટી સમક્ષ રજૂ થયેલી કુલ ૨૪ દરખાસ્તોમાંથી ૨૧ દરખાસ્તોને બહુમતીથી મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ૨ દરખાસ્તોને વધુ અભ્યાસ અર્થે પેન્ડિંગ રાખવામાં આવી છે અને ૧ દરખાસ્તને ના-મંજૂર કરવામાં આવી છે. આજે રૂ. ૮૯.૩૬ કરોડની વિવિધ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જેમાં આશરે રૂ. ૮૫ કરોડના વિકાસકાર્યોને મંજૂરીની મહોર મારવામાં આવી છે. આ મંજૂર થયેલા કામોમાં શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક સુવિધાઓ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

આ અંતર્ગત વોર્ડ નં. ૧૪ના નાગરિકોને સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો ઉજવવા માટે સ્થાનિક સ્તરે ઉત્તમ સુવિધા મળી રહે તે માટે પારડી રોડ પર શેઠ હાઈસ્કૂલની બિલકુલ સામે આવેલી ટી.પી. સ્કીમ નં. ૫, એફ.પી. નં. ૨૩૦ વાળી જમીન પર એક નવો ભવ્ય કોમ્યુનિટી હોલ બનાવવાની દરખાસ્ત મંજૂર કરાઈ છે. આ પ્રોજેક્ટ માટે મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૦.૫૩ કરોડનું ટેન્ડર મંજૂર કરીને ચિત્રા કન્સ્ટ્રક્શન કંપનીને કામ સોંપવાની ભલામણ સ્વીકારી લેવામાં આવી છે.

પ્રસ્તાવિત કોમ્યુનિટી હોલના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વાહનોના પાર્કિંગ માટે વિશાળ જગ્યા રાખવામાં આવશે. પ્રથમ માળે અંદાજીત ૧૯૦૦ ચોરસ મીટરના સ્લેબ એરિયામાં એક મોટો નોન-એસી હોલ અને બીજા માળ પર તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટ્રલી એર કન્ડીશન્ડ હોલ તૈયાર કરાશે. તેમજ ભવિષ્યની જરૂરિયાતને ધ્યાને રાખીને ૫૫૦ ચોરસ મીટર એરિયામાં બોક્સ કલવર્ટ બનાવવાનો પણ આ પ્રોજેક્ટમાં સમાવેશ થાય છે.

શહેરની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને કટોકટીના સમયે ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરી થઈ શકે તે હેતુથી પારડી રોડ પર જ શેઠ હાઈસ્કૂલની સામે, ટી.પી. સ્કીમ નં. ૫, એફ.પી. નં. ૨૩૧ વાળી જગ્યા પર એક નવું અત્યાધુનિક ફાયર સ્ટેશન અને સ્ટાફ માટેના રહેણાંક ક્વાર્ટર્સ બનાવવાની દરખાસ્તને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ અંદાજીત ૭૪૮૦ ચોરસ મીટર જેટલા વિશાળ એરિયામાં ગ્રાઉન્ડ પ્લસ ૭ માળનું ભવ્ય બિલ્ડિંગ બનાવવામાં આવશે.આ બિલ્ડિંગમાં ભોંયતળિયે ફાયર ફાઈટર વાહનોની અવરજવર અને કંટ્રોલ રૂમ સહિત ફાયર સ્ટેશનને લગતી તમામ અદ્યતન સગવડતાઓ ઊભી કરાશે.

કટોકટીના સમયે ફાયરનો સ્ટાફ ૨૪ કલાક ઘટનાસ્થળે પહોંચવા માટે તત્પર રહી શકે તે માટે આ જ બિલ્ડિંગમાં ઉપરના માળે ૨ BHKના કુલ ૫૦ સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવામાં આવશે.




## બગીચા શાખાનો ગોબરો 'વહિવટ' ?

# પર્યાવરણ ઘોર ખોદવામાં અધિકારીઓ જ નંબર-1

**રક્ષક જ ભક્ષક** ભાવનગરના ઉતારામાં RMC ઝાડ કાપી શકે નહીં તે જવાબદારી PWDની આવે







## નિયમોનું અધિકારીઓ જ પાલન કરતા નથી

## RMCનો સ્ટાફ અને ટ્રેક્ટરનો ખર્ચ કોણ ચૂકવશે?

સિટી ન્યૂઝ@રાજકોટ

વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે જ શહેરમાં પર્યાવરણ અંગે ચિંતાજનક ઘટના સામે આવી છે. ભાવનગર રોડ નજીકના વિસ્તારમાં આવેલા ઉતારા ખાતે એક વૃક્ષ કાપી નાખવામાં આવતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

મળતી માહિતી અનુસાર, આ વિસ્તાર મહાપાલિકાની સીમામાં આવતો નથી અને વૃક્ષની જવાબદારી જાહેર માર્ગ અને સંબંધી વિભાગ, એટલે કે PWD હેઠળ આવે છે. છતાં પણ રાજકોટ મહાપાલિકાની બાગ-બગીચા શાખાનો સ્ટાફ ત્યાં પહોંચી ગયો અને ઝાડ કાપવાની કાર્યવાહી હાથ ધરી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ કામગીરી માટે મહાપાલિકાના વાહનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી પ્રશ્નો ઊભા થયા છે કે અધિકારક્ષેત્ર બહાર આવી કાર્યવાહી કયા આદેશ હેઠળ કરવામાં આવી? જો આ વિસ્તાર મહાપાલિકાના નિયંત્રણમાં નથી, તો પછી બાગ-બગીચા શાખાએ આ કામગીરી શા માટે અને કોના કહેવા પર કરી?

વિશ્વ પર્યાવરણ દિવસ પર જ આવી ઘટના બનતા તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે. એક તરફ પર્યાવરણ જાળવવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે, તો બીજી તરફ વૃક્ષોની કાપણી થવી વિસંગતતા દર્શાવે છે.

સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે આ મામલે તાત્કાલિક તપાસ થવી જોઈએ અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ, ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સ્પષ્ટ માર્ગદર્શિકા અને જવાબદારી નક્કી કરવામાં આવે.

બ્રાન્ડ નહીં ખેલ; પૂર્વ કર્મચારીએ વીડિયો બનાવી ગંભીર આરોપો લગાવ્યા

# ડી માર્ટ પ્રિમિયમ એક્સપાયરી માલની તારીખ બદલી ફરી વેંચાણમાં મૂકે છે?

## સસ્તા ભાવની આડમાં ચાલી રહેલા મોટા ખેલના આક્ષેપથી ખળભળાટ




'એક્સપાયરી ડેટ' તારીખ પૂરી થઈ જાય એટલે સ્ટોર બંધ કરીને માલ ફેંકી દેવાને બદલે તેનું 'રિ-પેકિંગ' કરી તેના પર નવું ચમકતું સ્ટીકર મારીને ફરીથી વેંચવામાં મૂકી દેવાય છે







**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સસ્તા ભાવે કરિયાણું અને ઘરવખરીનો સામાન વેચીને મિડલ ક્લાસ પરિવારોના ખિસ્સા ખાલી કરાવતા પ્રખ્યાત સુપરમાર્કેટ સ્ટોર 'DMart'ની પોતાની હોમ બ્રાન્ડ Premia' અત્યારે સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રોલ થઈ રહી છે. પોતાને DMartનો પૂર્વ કર્મચારી ગણાવતા એક ભાઈએ વીડિયો બનાવીને એવા સણસણતા આરોપો લગાવ્યા છે કે સામાન્ય ગ્રાહકોના હોશ ઊડી ગયા છે. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે સામાનની 'એક્સપાયરી ડેટ' (વપરાશની અંતિમ તારીખ) પૂરી થઈ જાય એટલે સ્ટોર બંધ કરીને માલ ફેંકી દેવાને બદલે તેનું 'રી-પેકિંગ' કરવામાં આવે છે અને તેના પર નવું ચમકતું સ્ટીકર મારીને ફરીથી વેચવા મૂકી દેવાય છે, જાણે કે જૂની વસ્તુ રાતોરાત નવી અને તાજી થઈ ગઈ હોય! આ વાયરલ વીડિયોમાં ખાસ કરીને કાજુ, બદામ અને પિસ્તા જેવા મોંઘા ડ્રાયફ્રૂટ્સની ગુણવત્તા સામે પણ મોટા સવાલો ઊભા કરવામાં આવ્યા છે, જેને જોઈને હેલ્થ કોન્શિયસ બનતી પબ્લિક અત્યારે માથું ખંજવાળી રહી છે. જે ગ્રાહકો અત્યાર સુધી બ્રાન્ડના નામે આંખો બંધ કરીને ખરીદી કરતા હતા, તેઓ કટાક્ષમાં કહી રહ્યા છે કે પ્રીમિયમ નામે પ્રોડક્ટ વેચીને કંપની ગ્રાહકોને કેવો ચપટો સ્વાદ ચખાડી રહી છે તે હવે ખબર પડી. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ ભારે હોબાળો મચી ગયો છે. હવે જોવાનું એ રહે છે કે ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આ કથિત ખેલ સામે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ કોઈ કડક તપાસ કરે છે કે પછી કોર્પોરેટ કંપનીની આ ચમકતી માયાજાળ સામે હંમેશની જેમ આંખ આડા કાન કરી લેવામાં આવે છે.

## સોશિયલ મીડિયા પર પૂર્વ કર્મચારીના વીડિયો વાયરલ થતાં જ ગ્રાહકોની સુરક્ષા સામે ઉઠ્યા મોટા સવાલો

### રાજકોટને સ્વચ્છતામાં નંબર–1 કેમ બનાવી શકાય

# રસ્તામાં કચરો ફેંકતા કે થૂંકતા લોકોના ફોટો પાડનારને ગિફ્ટ વાઉચર આપો !




કચરો ફેંકતા કે થૂંકતા વ્યક્તિનો ફોટો પાડો અને મોકલો
અમારા વોટ્સએપ નંબર પર

GIFT VOUCHER
ઈનામ તમારા માટે

- શહેરને સ્વચ્છ રાખવામાં આપનો મહત્વનો ફાળો
- યોગ્ય પુરાવા સાથે મોકલનારને આકર્ષક ગિફ્ટ વાઉચર
- સ્વચ્છતા જાળવીએ, સ્વસ્થ અને સુંદર રાજકોટ બનાવીએ

**આપનો એક ફોટો, શહેરને સ્વચ્છ બનાવશે !** સ્વચ્છ રાજકોટ, ગર્વ આપણો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રસ્તામાં કચરો ફેંકનારા કે કારમાંથી થૂંકનારા લોકોનો ફોટો કોઈપણ નાગરિક ખેંચી લઈ જો કોર્પોરેશન આવી એપ તૈયાર કરે તો રાજકોટની ઘણો ફાયદો થઈ શકે તેમ છે. શહેરને સ્વચ્છ રાખવામાં યોગદાન આપનારા લોકોને પ્રોત્સાહન મળે તે માટે, ફોટો અપલોડ કરનારા લોકોને જાણીતી બ્રાન્ડના ગિફ્ટ વાઉચર આપવામાં આવે જેથી આ ગિફ્ટ વાઉચરના ઉપયોગથી લોકો નક્કી કરેલા માર્કેટમાંથી વાઉચરની રકમ મુજબ ફ્રીમાં ખરીદી કરી શકે. ચાલુ કારમાં પણ કોઈ થૂંકશે તો નંબર પ્લેટના આધારે તેઓના ઘરે કોર્પોરેશન નોટિસ મોકલી દંડ વસૂલી શકે. સમાન્ય રીતે લોકભાગીદારી વધારવા માટેના પ્રયાસ કરી શકાય.કોર્પોરેશન દ્વારા જાહેરમાં ગંદકી કરનારા લોકો સામે ખાસ અભિયાન કરવું જોઈએ જેના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં ગંદકી કરતી દુકાનો, રેસ્ટોરંટ કે હોટેલોને દંડ કરી શકાય. આ ઉપરાંત જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી પણ સ્થળ પર જ દંડ વસૂલી શકાય. પરંતુ આ અભિયાનમાં જનભાગીદારી વધે તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય. સાથે જ લોકોને પણ આ પ્રવૃત્તિથી ફાયદો થાય તેવી વ્યવસ્થા પર કામ કરવું જોઈએ. લોકોને પણ ફાયદો થાય તે માટે વિવિધ મોટી શોપિંગ કંપનીઓ સાથે પણ એમઓયુ કોર્પોરેશન દ્વારા કરાઈ શકે છે.





## ટેકનિકલ ઈશ્યૂ આડેધડ પાર્કિંગ, રોંગ સાઈડના ફોટા પણ મોકલી શકાશે

આ એપ્લિકેશનથી ટ્રાફિક, પાર્કિંગ, રોંગ સાઈડમાં આવતા વાહનો, ગંદકી, કચરો સહિતના મુદ્દાઓને આવરી લેવા જોઈએ. લોકો જ્યાંથી પણ ફોટો લેશે તેમાં જીઓ ટેગિંગથી ઓટોમેટિક જ લોકેશન સેટ કરી જેથી લોકોએ અલગથી એડ્રેસ આપવાની જરૂર રહેશે નહીં. દંડની રકમ માટે આરટીઓને પણ આ અભિયાનમાં જોડે તો નિયમોનો ભંગ કરનારા વાહન માલિકોના ઘરે નોટિસ મોકલી શકે.

## સ્વચ્છતા માટે લોકભાગીદારી જરૂરી

જનભાગીદારીથી દરેક પ્રવૃત્તિ યોગ્ય રીતે થાય તે માટે 'રાજકોટ કેમ' એપ્લિકેશન તૈયાર થાય તો આ એપ્લિકેશન પર કોઈપણ વ્યક્તિ ફોટો અપલોડ કરી શકે જેના આધારે ગંદકી કરનારા લોકોને દંડ કરાશે, જો વાહન હશે તો નંબર પ્લેટના આધારે આરટીઓના માધ્યમથી નોટિસ મોકલાશે. ફોટો મોકલનારાને ગિફ્ટ વાઉચર આપવાનું રાજકોટ મહાનગરપાલિકાએ વિચારવું જોઈએ.



## કેવી રીતે મનપા કરી શકે ?

- રાજકોટ મનપા પહેલા 'રાજકોટ કેમ' એપ્લિકેશન બનાવે
- એપ્લિકેશનમાં પ્રજા ફોટો અપલોડ કરી શકે
- શહેરને સ્વચ્છ રાખવામાં યોગદાન આપનારા લોકોને પ્રોત્સાહન મળે તે માટે ગિફ્ટ વાઉચર આપે
- રિલાયન્સ કે અન્ય મોલ્સ જીવન જરૂરી વસ્તુઓ માટે ભાગીદારી કરે ગિફ્ટ આપવાનું નક્કી કરો

**રિયલ એસ્ટેટમાં આગ : સતત વધતા બાંધકામ ખર્ચને કારણે બિલ્ડર્સ મુંઝવણમાં**

# રાજકોટમાં ઘરનું ઘર ખરીદવું હવે સપનું; પ્રોપર્ટીમાં 25% ભાવ વધારાના સંકેત ?



**જો સરકાર 'રાહત' નહીં આપે તો 1 જૂલાઈથી પ્રોપર્ટીમાં ભાવ વધશે ?**


## યુધ્ધના કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થતા બાંધકામમાં વપરાતા મટિરિયલ્સ જેવા કે, ટાઈલ્સ, PVC પાઈપ, કોપર અને એલ્યુમિનીયમના ભાવમાં રાતોરાત બે થી ત્રણ ગણો વધારો થયો છે, કેટલીક સામગ્રીમાં 50% સુધી ભાવ વધી ગયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં પોતાનું ઘર ખરીદવાનું સપનું જોતા સામાન્ય નાગરિકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. શહેરમાં રેસિડેન્શિયલ અને કોમર્શિયલ એમ બંને પ્રકારની પ્રોપર્ટીના ભાવમાં તોતિંગ વધારો થવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. સતત વધતા બાંધકામ ખર્ચને કારણે બિલ્ડર્સ એસોસિએશન ભારે ચિંતામાં છે.

જો સરકાર તરફથી કોઈ મોટી રાહત આપવામાં નહીં આવે, તો આગામી ૧લી જુલાઈથી પ્રોપર્ટીના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. આ નિર્ણયથી નવા અને ચાલુ પ્રોજેક્ટ્સના ભાવ વધશે, જેની સીધી અસર ગ્રાહકોના બજેટ પર પડશે.

હાલમાં પ્રોપર્ટીના ભાવમાં સરેરાશ ૧૦ ટકા જેટલા વધારાનું અનુમાન છે,



પરંતુ પરિસ્થિતિને જોતાં આ વધારો ૧૦ થી શરૂ કરીને ૨૦ કે ૨૫% ટકા સુધી પણ પહોંચી શકે છે. ઉદાહરણ તરીકે, જે મકાન હાલમાં ૫૦ લાખ રૂપિયામાં મળી રહ્યું છે, તે ૨૫ ટકાના વધારા સાથે ૬૫ લાખ રૂપિયાનું થઈ જશે અને તેની પર GST તથા અન્ય ટેક્સ અલગથી ચૂકવવા પડશે. આ સ્થિતિમાં બિલ્ડરો સરકાર પાસે એવી અપેક્ષા રાખી રહ્યા છે કે તેમને ૬ મહિનાની રાહત અથવા સમય આપવામાં આવે, કારણ કે વર્તમાન પરિસ્થિતિમાં ચાલુ પ્રોજેક્ટ્સ પૂરા કરવા અત્યંત મુશ્કેલ બની રહ્યા છે. બાંધકામ કયા સ્ટેજ પર પહોંચ્યું છે તેના આધારે દરેક પ્રોજેક્ટ પર અલગ-અલગ અસર થશે, પરંતુ આગામી સમયમાં આવનારા નવા પ્રોજેક્ટ્સ પર આ મોંઘવારીની સૌથી વધુ માઠી અસર જોવા મળશે.

### ભાવ વધારા છતાં ડિમાન્ડ યથાવત

જો સામાન્ય જનતા એવું વિચારતી હોય કે ભાવ વધવાને કારણે મકાનોનું વેચાણ ઘટી જશે, તો આ ધારણા ખોટી છે. બહારથી આવતા લોકો મોટા પાયે મકાનો ખરીદી રહ્યા છે. આ જ કારણે પ્રતિષ્ઠિત બિલ્ડરોના સારા પ્રોજેક્ટ્સમાં આજે પણ પ્રોપર્ટીઝ ઝડપથી વેચાઈ રહી છે. આગામી સમયમાં રાજકોટનો વિકાસ ચારેય દિશાઓમાં વિસ્તરશે અને રિયલ એસ્ટેટની માગમાં હજુ પણ મોટો ઉછાળો આવશે. હાલ પૂરતો તો ભાવ વધારો અનિવાર્ય છે, પરંતુ જો ભવિષ્યમાં કાચા માલના ભાવ ઘટશે તો બિલ્ડર્સ એસોસિએશન તે મુજબ આગળનો નિર્ણય લેશે !

### શા માટે વધી રહ્યા છે પ્રોપર્ટીના ભાવ?

છેલ્લા ત્રણ મહિનાથી મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ)માં ચાલી રહેલા યુદ્ધની વૈશ્વિક અસરો હવે ગુજરાતના રિયલ એસ્ટેટ સેક્ટર પર પણ વર્તાવા લાગી છે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ, પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણના ભાવ વધ્યા છે અને ગેસની અછત ઊભી થઈ છે. આ આંતરરાષ્ટ્રીય કટોકટીના લીધે ફ્લાઈટ અને ટ્રાન્સપોર્ટેશન મોંઘું થતાં બાંધકામમાં વપરાતા મટિરિયલ જેવા કે ટાઈલ્સ, PVC પાઈપ્સ, કોપર અને એલ્યુમિનિયમના ભાવમાં રાતોરાત બે-ત્રણ વાર વધારો થયો છે. કેટલીક સામગ્રીના ભાવ તો ૫૦ ટકા સુધી વધી ગયા છે. વેપારીઓ આગામી સમય માટે ભાવની કોઈ ગેરંટી આપી રહ્યા નથી, જેના કારણે બિલ્ડરો માટે પણ ચોક્કસ ખર્ચ નક્કી કરવો મુશ્કેલ બન્યો છે.

PMની અપીલ છતાં રાજકોટમાં બસ સ્ટોપ પર અવ્યવસ્થા

# રાજકોટ સીટી બસ સેવામાં લોલમલોલ

# સમયપત્રક ગાયબ મુસાફરો પરેશાન







## બસ સ્ટોપ પર માહિતી નથી તંત્રની બેદરકારી કે સિસ્ટમની ખામી?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પેટ્રોલ - ડીઝલની અછતના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા સલાહ આપી હતી.જે સલાહ બાદ રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સીટી બસ સેવામાં મેં માસમાં એક લાખથી વધુ મુસાફરોનો ઉછાળો નોંધાયો હતો.જો કે સીટી બસ પીકઅપ સ્ટેન્ડ પર સીટી બસના સમયપત્રકના અભાવે વિદ્યાર્થીઓ, મહિલાઓ, સિનિયર સીટીઝનને હેરાનગતિ થતી જોવા મળી હતી. કાલાવડ રોડ , ધર્મેન્દ્ર રોડ, કોઠારીયા રોડ સહિતના વિસ્તારોમા નાગરિકોને હજુ સુધી સીટી બસ તેમના વિસ્તારમાં ક્યારે આવે છે અને કેટલા સમયાંતરે ઉપલબ્ધ થાય છે તેની સ્પષ્ટ માહિતી મળતી નથી. જો બસ સ્ટોપ પર સમયપત્રક, રૂટની વિગતો અને બસ આવવાનો સમય દર્શાવતી વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવે તો મુસાફરો માટે વધુ સરળતા સર્જાઈ શકે છે. શહેરમાં આવતા જતા પ્રવાસીઓ અને રોજિંદા મુસાફરો માટે આ વિસ્તારમાં મહત્વપૂર્ણ હોવાથી વધુ બસો ઉપલબ્ધ કરાવવામાં આવે તો રાજકોટના માસ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ બમણો થઈ શકે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

## અધિકારીનો બચાવ અને રિક્ષાચાલકો પર આક્ષેપ

“આ ગંભીર અવ્યવસ્થા અંગે સિટી ઈજનેર પરેશ અઢિયાએ લૂલો બચાવ કરતા જણાવ્યું હતું કે, રિક્ષાચાલકોને આર્થિક ફટકો પડતો હોવાથી તેઓ સિટી બસના પીકઅપ સ્ટોપ પર તોડફોડ કરે છે અને સમયપત્રકના સ્ટીકરો ઉખાડી ફેંકે છે તેવી ફરિયાદો મળતી રહે છે. આ ઉપરાંત કેટલીક એજન્સીઓ દ્વારા ગેરકાયદેસર રીતે બસ સ્ટોપ પર જાહેરખબરોના પોસ્ટરો પણ ચોંટાડવામાં આવે છે, જેનાથી માહિતી ઢંકાઈ જાય છે. તેમણે ખાતરી આપી છે કે ઝોનલ કોન્ટ્રાક્ટર દ્વારા બસ સ્ટોપ પર ફરીથી સમયપત્રકોના સ્ટીકરો લગાવવામાં આવશે.”



### મહાપાલિકા-પોલીસ હાથ મિલાવે તો શહેર સુધરશે ?

# સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી લાગુ કરો; સાંજે 7 થી 12 વાગ્યા સુધી જ લારી-ગલ્લા ચાલવા જોઈએ ?






રાજકોટમાં 'ટ્રાફિકજામ' હળવો કરવા પરિપત્ર તૈયાર કરવો જરૂરી




મુખ્ય માર્ગોને 'નો વેન્ડિંગ' ઝોન જાહેર કરવા જરૂરી





સાંજે 7 થી 12 વાગ્યા સુધી જ લારી-ગલ્લા ચાલવા જોઈએ



લારી-ગલ્લા ધારકોને ધંધા માટે દરેક વોર્ડમાં વૈકલ્પિક જગ્યા આપો : આડેધડ બંધ કરવું જરૂરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને માર્ગો પર થતી ગંદકીના કાયમી ઉકેલ માટે પાલિકા અને પોલીસ વિભાગે સંયુક્ત રીતે કડક વલણ અપનાવવું જોઈએ ! પાલિકાએ સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટનો અમલ કરી મુખ્ય રોડ પર લારી-ગલ્લા અને પથારા પર પ્રતિબંધ મુકવો જોઈએ ! જ્યારે સાંજે ૭થી રાતે ૧૧ સુધી લારી-પથારા મૂકી વેપાર કરી શકાય તેવું કરવું જોઈએ ! જેથી ટ્રાફિકની સમસ્યા હળવી બને. સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટ-૨૦૧૪ના પ્રકરણ-૩ના નિયમ-૧૪ હેઠળ ટાઈમ શેરિંગ પદ્ધતિ લાગુ કરવી જોઈએ જે અંતર્ગત લારી-ગલ્લા અને પથારાવાળા સાંજે ૭થી રાતે ૧૧ વાગ્યા સુધી જ વેપાર કરવાની મંજૂરી મળે. તે પછી તમામે લારી-સામાન હટાવી




જગ્યા ખુલ્લી અને સાફ કરવાની રહેશે. તેનું ઉલ્લંઘન થશે તો દબાણ શાખા સામાન જપ્ત કરી કાયદેસરની કડક કાર્યવાહી કરશે. ટ્રાફિકને હળવો કરવા પાલિકા-પોલીસે સાથે મળી કામ કરવું જોઈએ. જેમાં મુખ્ય માર્ગો પર લારી-ગલ્લા મૂકવા પર કાયમી પ્રતિબંધ હોવો જોઈએ !

## લારી સિવાય ખુરશી અને ટેબલ, શેડ દૂર કરવાં પર ભાર !

તમામ ચાર રસ્તા કે જંક્શનથી 30 મીટરની ત્રિજ્યામાં લારી-ગલ્લા અને દબાણ હટાવવાનાં રહેશે. વાહનોની સરળ અવર-જવર માટે દરેક સર્કલ-જંક્શન પર ડાબી બાજુનો રસ્તો ખુલ્લો રખાય. વળાંક પર નવા ડિવાઈડર, ફ્લેક્સિબલ બોલાર્ડ કે સ્પ્રિંગ પોસ્ટ લગાડાય. સ્ટ્રીટ વેન્ડર ધંધો કરવા એક જ લારી રાખી શકાય. ટેબલ, ખુરશી, શેડનાં દબાણ દૂર કરવાનાં રહેશે. વિવિધ વિસ્તારોમાં પાર્કિંગ પ્લોટને લેવલિંગ અને ફેન્સિંગ કરી સત્તાવાર બોર્ડ સાથે ખુલ્લા મુકવા જોઈએ. ટ્રાફિકને નડતરરૂપ દબાણ કાયમી ધોરણે દૂર રહે તે માટે તમામ આસિ. મ્યુ. કમિશનર અને વોર્ડ ઓફિસરોએ નિયમિત ચેકિંગ કરવું જોઈએ.

## વેન્ડિંગ ઝોન અને નોન વેન્ડિંગ ઝોન નક્કી થશે

પ્રાથમિક દૃષ્ટિએ મુખ્ય રોડ દબાણમુક્ત કરવાનું નક્કી થયું જોઈએ ! ટાઉન વેન્ડિંગ કમિટીના ગઠન બાદ વેન્ડિંગ ઝોન-નોન વેન્ડિંગ ઝોન જાહેર કરી શકાય.

## લારી-ગલ્લા ધારકોને ધંધા માટે વોર્ડમાં વૈકલ્પિક જગ્યા આપવી જોઈએ

વેપારીઓને સાંજે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી જ વેપાર કરવાની છૂટ મળવી જોઈએ ! જોકે પાલિકા દ્વારા અલગ-અલગ વિસ્તારમાં વેન્ડિંગ ઝોન જાહેર કરવા જોઈએ. વેપારીઓ વર્ષોથી રોડ પર લારી-ગલ્લા અને પથારા ચલાવતા હોય તેઓ નજીકના અંતરિયાળ રોડ પર વેપાર કરી કરવા છૂટ આપવી જોઈએ. તેટલું જ નહીં તેઓ અન્ય વોર્ડમાં પણ નક્કી કરેલી જગ્યાએ લારી કે પથારા કરી શકશે. આ તમામ બાબતો માટે વોર્ડ ઓફિસરને સત્તા સોંપવી જોઈએ !

## દિલ્હી અગ્નિકાંડ બાદ મનપા તંત્ર હજુ ઊંઘમાં

# રાજકોટ TRP કાંડ-2ની રાહ જોવે છે : મહાપાલિકા નિષ્ફળ?




## ચેકિંગ જરૂરી

## શહેરની હોટેલમાં હોનારત આવશે : 50% હોટેલોમાં ફાયરની સુવિધા નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દિલ્હીના માલવીય નગર સ્થિતિ ફ્લોરિશ સ્ટે બી એંડ બી હોટલમાં લાગેલી આગમાં ૨૧ લોકો ભૂંજાયા હતા. હોટેલ શાંકડી શેરીમાં, વાયરોની જાળ, મંજૂરી વગર વધારે રૂમ બનાવી દેવાયા હતા, ફાયર એનઓસી ન હતી તથા એક્ઝિટ ગેટ પણ ન હતો, જેને લઈને રાજકોટની હોટલો પર પણ સવાલ ઉઠ્યા છે.

શહેરની અલગ અલગ હોટલોમાં મોટાભાગની હોટલોમાં ફાયર સેફ્ટીના સાધનો તો દૂર, પૂરતી જગ્યા કે ઇમરજન્સી એક્ઝિટ જેવી પાયાની સુવિધાઓનો પણ અભાવ જોવા મળ્યો હતો.

અનેક હોટલો ચોથા અને પાંચમા માળે આવેલી છે અને તેની નીચે કોમર્શિયલ એક્ટિવિટી થતી હોવાથી આગ જેવી દુર્ઘટના સમયે ગ્રાહકો માટે બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય તેવી સ્થિતિ હોય.

દિલ્હીની હોટેલમાં આગ લાગી તેવી આગ જો રાજકોટની કોઈ હોટલમાં લાગે તો લોકોને બચાવવા લગભગ મુશ્કેલ થઈ જાય તેમ છે.

મોટાભાગની હોટેલો ચોથા અને પાંચમાં માળે હોવાથી આગની ઘટનામાં સ્વબચાવ કરવો મુશ્કેલ

ઈમરજન્સી એક્ઝિટનો અભાવ, નીચે કોમર્શિયલ એક્ટિવિટી, ફાયરના સાધનો પણ નામ પૂરતાં

## શહેરની હોટેલોમાં હોનારત : ક્યાંક ફાયરની સુવિધા નથી, તો ક્યાંક સંકટ સમયે ઉતરવા સાંકડી સીડી

જોખમી સીડીઃ સીડી એટલી સાંકડી છે કે એક સમયે માત્ર એક જ વ્યક્તિ અવર-જવર કરી શકે છે.

એક્ઝિટ ગેટનો અભાવઃ ઈમરજન્સી સમયે બહાર નીકળવા માટે કોઈ અલગ એક્ઝિટ દરવાજો નથી

સાધનોનો અભાવઃ ફાયર એલાર્મ, સ્મોક ડિટેક્ટર કે સ્પ્રિંક્લર જેવી સુવિધા નથી.

નકામું અગ્નિશામકઃ એકમાત્ર એક્સટિંગ્યુશર પણ એક્સપાયર થઈ ગયું છે.

અવરોધિત રસ્તોઃ સીડી પર કચરાના ઢગલા હોવાથી લિફ્ટ પર નિર્ભર રહેવું પડે છે. એક્ઝિટ ગેટ પણ નથી.

બંધ ઈમરજન્સી એક્ઝિટઃ હોટલનો એક્ઝિટ ગેટ બહારથી બંધ હતો.

કચરાનો ભરાવોઃ એક્ઝિટ દરવાજાની પાછળ ગાદલા, બોટલો અને કચરાના ઢગલા ખડકાયેલા છે.

તમામ નિયમો નેવે મૂકી મંજૂરી અપાય છે

રેફ્યુઝ એરિયા : આગ જેવી ઘટના માટે વિવિધ ફ્લોર પર એક મોટી અગાસી હોવી જોઇએ જ્યાં લોકો એકઠા થઇ જીવ બચાવી શકે, ફાયરના જવાન સરળતાથી લોકોને બહાર કાઢી શકે.

૩૫૦૦ ચો.મી. ઓછામાં ઓછી જગ્યા : હોટલ બનાવવા માટે ૩૫૦૦ મીટરની ઓછામાં ઓછી જગ્યા જોઇએ, ૩૦ ફૂટના રોડ પર આ જગ્યા આવેલી હોવી જોઇએ.

પાર્કિંગ : હોટલની એફએસઆઇથી ૫૦ ટકા જેટલું પાર્કિંગ હોવું જોઇએ.

સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ : મોટી હોટલે પોતાના સ્વખર્ચે તેમના સુએજને ટ્રીટમેન્ટ કરવા માટે પ્લાન્ટ તૈયાર કરવાનો રહેશે.

નિયમ વિરુદ્ધ જણાશે તો કાર્યવાહી કરવી જોઈએ !

# કચ્છની યુવતીને સરધારમાં ગોંધી રાખી દુષ્કર્મ આચરી 20 લાખની ખંડણી માંગી

## બંદૂકની અણીએ ધમકી આપનાર જિ.પં.ના સદસ્યાના પતિ સહિત 4 સામે ફરિયાદ : પરિવારજનો છોડાવવા આવ્યા ત્યારે યુવતીને સોંપવાની ના પાડી દેતા ભાઈએ દરવાજો તોડી બહેનને મુક્ત કરાવી

સિટી ન્યૂઝ@રાજકોટ

નવાગામ સરધાર ખાતે એક ૨૦ વર્ષીય નર્સિંગ યુવતીને બળજબરીપૂર્વક બંધક બનાવી શારીરિક-માનસિક ત્રાસ આપવાનો અને બળાત્કાર આચરી રૂ.૨૦ લાખની ખંડણી માંગવાના કેસમાં રાજકોટ જિ.પંના સદસ્યાના પતિ સહિત ૪ સામે યુવતીએ ફરિયાદ નોંધાવતા આડેસર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવતા વિશેષ તપાસ રાજકોટ આજીડેમ પોલીસને સોંપવામાં આવી છે.

મૂળ કરછની યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી ત્રણ વર્ષ પહેલા કોટડા પંથકની હાઈ સ્કૂલમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી હતી, ત્યારે તેની સાથે જ ભણતા રામ છૈયા અવારનવાર પીડિતા સાથે વાત કરવા અને સંપર્ક રાખવા પ્રયત્ન કરતો હતો પરંતુ તેણીએ અભ્યાસ પૂરો કરી જામનગર ખાતે નર્સિંગનો બે વર્ષનો અભ્યાસ શરૂ કર્યો હતો. નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગત તા. ૦૬/૦૧/૨૦૨૬ ના રોજ તેણી કોલેજમાં પોતાનું રિઝલ્ટ લઈ પરત ફરતી હતી. ત્યારે આરોપી રામ ગ્રે કલરની ફોર વ્હીલ ગાડી લઈને ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે યુવતીનો હાથ પકડી, બળજબરીથી ગાડીમાં બેસાડી દીધી હતી અને કોરા કાગળ પર સહી કરાવી તેમજ ફોટા પાડી યુવતીને રાજકોટ મુકીને જતો રહ્યો હતો. ત્યાર બાદ તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ તેણી બીમાર ફોઈના ઘરે કામ કરવા જવા નીકળી હતી. સવારે સાડા નવેક વાગ્યે




સામખીયારી બસ સ્ટેન્ડ પર ઉતરીને આગળ ચાલતી હતી, ત્યારે આરોપી રામ તેના અન્ય બે અજાણ્યા માણસો સાથે અલ્ટો ગાડી લઈને ધસી આવી તેણીનો મોબાઈલ ફોન ઝૂંટવીને બંધ કરી દીધો હતો અને નવાગામ (સરધાર) ખાતે રામના ઘરે લઈ આવ્યા હતા. બાદ રામએ તેણીને પોતાના ઘરે એક રૂમમાં પૂરી દઈ તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું આરોપી રામ, તેના પિતા મુકેશભાઈ રાયધણભાઈ છૈયા તથા તેનો ભાઈ શ્યામ મુકેશભાઈ છૈયા જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. જ્યારે પણ પીડિતા મુક્ત થવાનું કહેતી ત્યારે તેને ઢોર માર મારી ત્રાસ આપતા હતા.બાદ આરોપીઓના સંબંધી રાજાભાઈ ઉર્ફે રાજેશભાઈ મેણંદભાઈ ચાવડાએ યુવતિના માથે બંદૂક જેવું હથિયાર મૂકી દીધું હતું. તેણે ધમકી આપી હતી કે, જો તારા પિતાજી અમને રૂપિયા વીસ લાખ આપશે તો જ અમે તને જીવતી છોડીશું, નહીંતર તને અહીં જ પૂરી દઈશું. આશરે પંદર દિવસ પહેલા, તેણીના હાથમાં રામનો મોબાઈલ ફોન આવી ગયો હતો.જેથી સ્નેપચેટ એપ્લિકેશન ખોલી પોતાના ભાઈનો નંબર મેળવ્યો હતો. તેણે ભાઈને ફોન કરીને ગુપ્ત રીતે જણાવ્યું કે, "મને નવાગામ ખાતે બધા ભેગા મળીને હેરાન કરે છે અને મારપીટ કરે છે, મને અહીંથી ગમે તેમ કરીને છોડાવી જાઓ.જેથી તેણીનો ભાઈ, પિતા અને મામા સહિતના લોકો ગાડી લઈને નવાગામ (સરધાર) પહોંચ્યા હતા. શરૂઆતમાં આરોપીઓએ યુવતીને સોંપવાની સ્પષ્ટ ના પાડીને રૂપિયાની માંગણી ચાલુ રાખી હતી, પરંતુ તેણીના ભાઈએ બહેનને જે રૂમમાં પૂરી રાખી હતી તે રૂમનો દરવાજો તોડી નાખ્યો હતો અને બહેનને ગાડીમાં બેસાડી ત્યાંથી મુક્ત કરાવી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે.



## હું નિર્દોષ છું મારી કોઈ ભૂમિકા નથીઃ રાજેશ ચાવડા

સિટી ન્યૂઝ સાથેની ટેલિફોનિક વાતચીતમાં રાજેશ ચાવડાએ જણાવ્યું હતું કે હું તો ફરિયાદીની મદદમાં હતો મને ખોટી રીતે ફિટ કરવામાં આવ્યો. આ કેસમાં હું પોલીસને તમામ રીતે સહયોગ આપીશ. મે હથિયાર રાખ્યું નથી જે વાત સાવ ખોટી છે અને ફરિયાદીના પિતાને પણ મે છેક સુધી મદદ કરેલી છે તે તેમને ખબર છે આવનાર દિવસોમાં તપાસ બાદ જ ખબર પડી જશે કે હું નિર્દોષ છું.

## Make In Indiaને બૂસ્ટ : હજીરામાં તૈયાર થશે દેશની તાકાત

# દેશની રક્ષા હવે ગુજરાતના હાથમાં!





## ગુજરાતમાં બની દેશની રક્ષા માટેની ટેન્ક : PM મોદીએ હજીરાની હથિયારી ફેક્ટરીમાં સ્વદેશી જોરાવર ટેન્ક સહિતના ડિફેન્સ સાધનોનું નિરિક્ષણ કર્યુ

**સિટી ન્યૂઝ@સુરત**

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે પીએમ મોદી આજે (૫ જૂન) ડાયમંડ સિટી સુરતની મુલાકાતે છે. તેઓ સુરત એરપોર્ટથી સીધા હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો (L&T) પ્લાન્ટની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ તૈયાર થઈ રહેલા અત્યાધુનિક સંરક્ષણ અને ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું.

PM મોદી સુરતના ઈન્ડોર સ્ટેડિયમ પહોંચી ગયા છે. ત્યાં જાહેર કાર્યક્રમમાં ડિજિટલ માધ્યમથી દક્ષિણ ગુજરાતના વિકાસના દ્વાર ખોલશે અને જાહેર સભાને સંબોધશે. ત્યારબાદ પીએમ ૬:૧૫ વાગ્યા આસપાસ સંઘ પ્રદેશ દમણ જવા રવાના થશે, જ્યાં તેમના હસ્તે રૂ. ૩૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આજના દિવસે વડાપ્રધાનના વરદહસ્તે સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના ૭ જિલ્લાઓ માટે અંદાજીત રૂ.૧૮,૭૭૮ કરોડના વિવિધ ૮ વિભાગોના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે. આ મેગા પ્રોજેક્ટ્સમાં રૂ.૧૩,૯૨૬ કરોડના મહત્વકાંક્ષી કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે, જ્યારે રૂ.૪,૮૫૨ કરોડના વિવિધ ૫ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

CM ૨ કારના કાફલા સાથે પહોંચ્યા છે, તો હર્ષ સંઘવી ઉદ્યોગકારો સાથે સાયકલ રેલી કાઢી સભા સ્થળે પહોંચ્યાં. પોલીસ પણ ઈ-બાઈક અને સાયકલનો ઉપયોગ કરી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે પીએમના નેતૃત્વમાં ભારતની પ્રતિષ્ઠા દુનિયાભરમાં વધી છે. વિશ્વમાં હાલ જે સ્થિતિ ઉદભવી છે તેમાં પણ ૧૪૦ કરોડ દેશવાસીઓને ભરોસો અને વિશ્વાસ છે કે મોદી સાહેબ છે તો આપણે સુરક્ષિત છીએ. પીએમએ બે પગલા આગળ વિચારીને કલાયમેન્ટ ચેન્જની આફતને અવસરમાં પલટાવી છે.

### હર્ષ સંઘવીની સાયકલ યાત્રા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સુરતમાં છે ત્યારે પેટ્રોલ-ડીઝલ બચાવવાના સંદેશ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં સાયકલ યાત્રા નીકળી હતી. લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમથી ઈન્ડોર સ્ટેડિયમ સુધી નીકળેલી સાયકલ યાત્રામાં ડાયમંડ ઉદ્યોગકારો, સુરત પોલીસ, કલેક્ટર કચેરીના અધિકારીઓ, મનપાના અધિકારીઓ જોડાયા હતા. ૨૦૦૦થી વધુ લોકો સાયકલ ઉપર યાત્રા કાઢી સભા સ્થળે પહોંચશે.

### L&T પ્રિસિઝન એન્જિનિયરિંગમાં 'જોરાવર લાઈટ ટેન્ક'નું શક્તિપ્રદર્શન

પીએમ મોદી હજીરા ખાતે L&Tના પ્રિસિઝન એન્જિનિયરિંગ એન્ડ સિસ્ટમ યુનિટની મુલાકાત દરમિયાન ભારતની સૈન્ય તાકાતમાં વધારો કરનાર 'જોરાવર લાઈટ ટેન્ક'નું પ્રત્યક્ષ નિરીક્ષણ કરશે. 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ સંપૂર્ણ સ્વદેશી રૂપથી વિકસિત કરવામાં આવેલી આ લાઈટ યુદ્ધ ટેન્ક લદ્દાખ અને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) જેવા અતિ ઊંચાઈ ધરાવતા અને દુર્ગમ પહાડી ક્ષેત્રોમાં દુશ્મનોને નેસ્તનાબૂદ કરવા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવી છે. ૧૯મી સદીના પ્રખ્યાત ડોગરા જનરલ જોરાવરસિંહના નામ પરથી સન્માનિત આ ટેન્કનું વજન માત્ર ૨૫ ટન છે. ઓછા વજનના કારણે આ ટેન્કને ભારતીય સેનાના વિમાન કે હેલિકોપ્ટર મારફતે પહાડી વિસ્તારોમાં સરળતાથી એરલિફ્ટ કરી શકાય છે.




### 'તીર ડ્રોન' એર ડિફેન્સ અને CIWS રડાર સિસ્ટમ પ્રોજેક્ટનું નિરીક્ષણ

પીએમ મોદીના હજીરા પ્રવાસમાં આકાશમાંથી આવતા સંકટોને ખડતી નવી ટેકનોલોજી પણ કેન્દ્રસ્થાને રહેશે. તેઓ અહીં 'તીર ડ્રોન એર ડિફેન્સ સિસ્ટમ' પ્રોજેક્ટ નિહાળશે. આ એક અત્યંત પ્રભાવશાળી માનવરહિત એરિયલ ટાર્ગેટ (ડ્રોન સિસ્ટમ) છે, જેને રક્ષા ક્ષેત્રમાં એન્ટી-મિસાઈલ અને આધુનિક હથિયારોના પરીક્ષણ માટે વિશેષરૂપે ડિઝાઈન કરવામાં આવી છે. આ સાથે પીએમ 'CIWS પ્રોજેક્ટ'ની પણ સમીક્ષા કરશે. આ એક સ્વદેશી રડાર અને રક્ષા પ્રણાલી છે.

### અત્યાધુનિક 'કે9 વજ' હોવિત્ઝર ગન ફેસિલિટીની મુલાકાત

સંરક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભરતા ચકાસવા માટે પીએમ હજીરામાં આવેલી પ્રખ્યાત 'કે૯ વજ હાઉઝર (howitzer) ગન' મેન્યુફેક્ચરિંગ ફેસીલીટીની પણ મુલાકાત લેવાના છે. ભારતીય સેનાના ભાથામાં સામેલ આ અત્યાધુનિક ૧૫૫ મીમી ૫૨ કેલિબરની સ્વ-સંચાલિત હોવિત્ઝર તોપ તેની સચોટ મારક ક્ષમતા માટે જાણીતી છે. યુદ્ધના મેદાનમાં ભારે વજન હોવા છતાં અત્યંત ઝડપથી આગળ વધવાની અને ગમે તેવા વિષમ વાતાવરણમાં દુશ્મનના સૈન્ય પર પલકવારમાં ત્રાટકવાની આ તોપની ક્ષમતા તેને ભારતીય સૈન્યનું અભિન્ન અંગ બનાવે છે.

### ફેશન પ્રોડક્ટ્સનું 30% વેંચાણ ઘટ્યું તો બ્રાન્ડોએ ફોર્મ્યૂલા ચેન્જ કરી

# ફેશન બ્રાન્ડ્સ મંદી સામે લડવા બે મહિના 'સેલ'

**30% ના બદલે 40% ડિસ્કાઉન્ટ !**

**જૂલાઈમાં આવતો સેલ હવે જૂનથી શરૂ**

- વેચાણમાં 30% નો ઘટાડો ફેશન માર્કેટ પર મંદીની અસર
- ગ્રાહકોને આકર્ષવા ડિસ્કાઉન્ટ વધારો
- વધુ સમય સુધી સેલ રાખી સ્ટોક ક્લિયર કરવાની યોજના
- ઓનલાઈન અને ઓફલાઈન બંને પ્લેટફોર્મ પર મહાસેલ




**વધુ ડિસ્કાઉન્ટ... વધુ સમય... વધુ બચત !**

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ફેશન રિટેલર્સે આ વર્ષે વેચાણ વધારવા માટે સમય પહેલા જ મોટા ડિસ્કાઉન્ટનો સહારો લેવાનું શરૂ કરી દીધું છે. ઘણી કંપનીઓ અને રિટેલર્સે મિડ-સીઝન સેલ લોન્ચ કરી દીધી છે. સામાન્ય રીતે આવી સેલ જુલાઈમાં શરૂ થાય છે. વધતી મોંઘવારી, વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને ગ્રાહકોની સાવચેતીભરી ખરીદી વચ્ચે સ્ટોક ખાલી કરવો અને નબળી માંગનો સામનો કરવો એ આ રણનીતિનો લક્ષ્ય છે.

ઈન્ડસ્ટ્રી ડેટા મુજબ છેલ્લા બે મહિનામાં ફેશન સેક્ટરનું વેચાણ લગભગ 30% ઓછું થઈ ગયું છે. પેટ્રોલ-ડીઝલ, સીએનજી, એલપીજી અને રોજિંદી જરૂરિયાતો પર વધતા ખર્ચને કારણે મોટાભાગના ગ્રાહકો કપડાં અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ પર ખર્ચ ઘટાડવા લાગ્યા છે. આ ઘરેલું બજેટ સંતુલિત રાખવાના પ્રયાસનો એક ભાગ છે. આને જોતા વેચાણ વધારવા માટે અડધો ડઝન બ્રાન્ડ્સ અને મિંત્રા, નાયકા ફેશન, ફ્લિપકાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પસંદગીના પ્રોડક્ટ્સ પર ૪૦% સુધીની છૂટ આપી રહ્યા છે.

નિષ્ણાતોનું કહેવું છે કે રિટેલર્સ હવે પરંપરાગત એન્ડ-ઓફ-સીઝન સેલની રાહ જોવાને બદલે સીઝનની વચ્ચે જ ઈન્વેન્ટરી કાઢવાની રણનીતિ અપનાવી રહ્યા છે. આ એ વાતનો સંકેત છે કે ગ્રાહકો હવે ખર્ચ કરતા પહેલા કિંમત અને વેલ્યુને લઈને પહેલા કરતા વધુ સાવચેત બન્યા છે.

## પડકાર - બિન-જરૂરી ખર્ચમાં વધારાની સાવચેતી રાખી રહ્યા છે સામાન્ય ભારતીયો

- » છેલ્લા ૨ મહિનામાં ફેશન પ્રોડક્ટ્સનું વેચાણ લગભગ 30% ઘટ્યું
- » ભૂ-રાજકીય તણાવ વચ્ચે ઘરેલું ખર્ચ વધવાથી લોકો ચિંતિત
- » બિઝનેસના મામલે સ્પ્રિંગ-સમર સીઝન ખાસો નબળો રહ્યો
- » ગ્રાહકો મોટા બિન-જરૂરી ખર્ચમાં વધારાની સાવચેતી રાખી રહ્યા છે
- » આ વર્ષે માર્ચમાં બિન-જરૂરી વસ્તુઓ ખરીદવાની ઈચ્છા 30% પર આવી ગઈ, પહેલા આ ૭૦% થી ઉપર હતી.

## એન્ડ-ઓફ-સીઝન સેલ પણ ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા

- પહેલાંઃ જુલાઈમાં શરૂ થતી હતી અને ૧૫ ઓગસ્ટ સુધી ચાલતી હતી
- હવેઃ જૂનના શરૂઆતી અઠવાડિયામાં શરૂ થઈ ગઈ, જેથી વેચાણ વધે

**કલેક્શનઃ ઓગસ્ટને બદલે મધ્ય–જુલાઈથી જ આવવા લાગશે**

### શૂટિંગ સેટ પર હદ પાર; અભિનેત્રીએ કર્યા ચોંકાવનારા દાવા

# મુન્નાભાઈ MBBS ફેમ હિરોઈનને એક્ટર કિસ જ કરતો રહ્યો !



## બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયા બાપટે કહ્યું એક્ટરે લિમિટ્સ ક્રોસ કરી હતી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુન્નાભાઈ MBBS ફેમ બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયા બાપટે તાજેતરમાં જ પોતાના કરિયરના શરૂઆતના દિવસો સાથે જોડાયેલો એક કિસ્સો શેર કર્યો. આ એક કિસ્સો નહીં પરંતુ તમે તેને તેના કરિયરની એક કડવી યાદ કહી શકો છો, જેના વિશે આજે પણ વાત કરતી વખતે તે એક ક્ષણ માટે ધ્રૂજી ઊઠે છે. એક્ટ્રેસે જણાવ્યું કે, કેવી રીતે શૂટિંગ દરમિયાન એક એક્ટરે પ્રોફેશનલ લિમિટ્સ ક્રોસ કરી હતી અને તેને અનકમ્ફર્ટેબલ ફીલ કરાવ્યું હતું.બીજી તરફ, તે સમયે પોતાના કરિયરની શરૂઆતમાં હોવાને કારણે પ્રિયા એ પણ સમજી નહતી શકી કે તેણે આ બાબતે કેવી રીતે રિએક્ટ કરવું જોઈએ. પ્રિયાએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું કે, "મને ફિલ્મમાં કિસિંગ સીન કરવા સામે ક્યારેય વાંધો નહતો, જો તે ફિલ્મની સ્ટોરી માટે જરૂરી હોય અને તેનું કોઈ મહત્ત્વ હોય. તે મારી શરૂઆતની ફિલ્મોમાંની એક હતી અને રીડિંગ સેશન દરમિયાનથી જ આ કિસિંગ સીનને લઈને મારા મનમાં શંકા હતી. હું સતત ડાયરેક્ટરને પૂછી રહી હતી કે તમને ફિલ્મમાં અહીં કિસિંગ સીનની શું જરૂર છે? આ એ બાબત નહતી કે મારે કિસિંગ સીન કરવો છે કે નહીં, પરંતુ મારો વિચાર એ હતો કે તમે તેને ફિલ્મમાં કેવી રીતે જસ્ટિફાય કરશો? આ સીન અહીં ફિટ નહતો બેસતો."પ્રિયાએ આગળ જણાવ્યું કે, "મનમાં સવાલો હોવા છતાં મેં આ સીન કરવા માટે પોતાને રાજી કરી લીધી. જો આ સ્ક્રિપ્ટની ડિમાન્ડ છે તો હું તેના માટે તૈયાર છું, પરંતુ વાસ્તવમાં તેની કોઈ જરૂર જ નહતી. જોકે, ડાયરેક્ટર વારંવાર આ સીન કરવા માટે કહી રહ્યા હતા. આથી મેં કહ્યું કે ઠીક છે, હું જોઉં છું. હું એક કિસ સીન માટે તૈયાર થઈ ગઈ."એક્ટ્રેસે જણાવ્યું કે, "પરિસ્થિતિ ત્યારે કાબૂ બહાર થઈ ગઈ જ્યારે એક્ટર ગીતને ઈમ્પ્રુવાઈઝ કરાવવા લાગ્યો. એવું ઘણી વખત બન્યું કે એક્ટર વારંવાર ગીતને ઈમ્પ્રુવાઈઝ કરાવતો રહ્યો અને મને કિસ કરતો રહ્યો. ખબર નહીં કેમ તે સમયે હું મારો સ્ટેન્ડ ન લઈ શકી. કદાચ એટલા માટે કારણ કે મને સમજાતું નહતું કે આ પરિસ્થિતિ સાથે કેવી રીતે ડિલ કરવી."પ્રિયાએ વધુમાં જણાવ્યું કે, "કામ પૂરું થયા પછી પણ તે એક્ટરે મને મળવાનો પ્રયાસ કર્યો હતો. મારી પાસે કોઈ રસ્તો નહતો. અમે એક જ હોટલમાં અલગ-અલગ રૂમમાં રોકાયા હતા. પરંતુ તે મને વારંવાર મેસેજ કરતો રહ્યો અને બોલાવતો રહ્યો. તે કહી રહ્યો હતો કે ચાલ હું તને સ્વિમિંગ શીખવાડું, શું હું તને બ્રેકફાસ્ટ પર મળી શકું? મેં કહ્યું કે મને આ બધામાં કોઈ રસ નથી. મારી જિંદગીમાં આવું ક્યારેય નહતું બન્યું અને આવું ફરી ક્યારેય થવું પણ ન જોઈએ."તમને જણાવી દઈએ કે, પ્રિયા બાપટ લાંબા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે.


### હોટલમાં રૂમ અલગ-અલગ હતા છતાંય મેસેજ કરી હું તને સ્વિમિંગ શીખવાડું કહેતો


## કોકટેલ-2ના લુક માટે સેનને ભારે ભૂખમરો વેઠ્યો

# ક્રિર્તિનું હોટ લૂક માટે હાર્ડવર્ક !

ક્રિતી સૅનન પોતાની આગામી ફિલ્મ 'કૉકટેલ ૨'ના હૉટ લુકને લઈને ચર્ચામાં છે. ક્રિતીએ આ શાનદાર લુક મેળવવા માટે કડક ડાયટનું પાલન કરવું પડ્યું હતું અને જિમમાં ભારે મહેનત પણ કરવી પડી હતી. 'કૉકટેલ ૨'ના લુક માટે કરેલી આકરી મહેનત વિશે વાત કરતાં ક્રિતીએ કહ્યું હતું કે 'મારે સ્વીકારવું પડશે કે આ ખૂબ જ મુશ્કેલ અનુભવ હતો, કારણ કે ટ્રેઈનિંગ દરમ્યાન મને ખૂબ ઓછું ખાવા મળતું હતું અને મારા જીવનમાં પહેલી વાર આટલી કડક ડાયટ પર હતી. ફિલ્મનું શૂટિંગ ઇટલીમાં થયું હતું પણ મને ત્યાંની વાનગીઓ ખાવા નહોતી મળતી. મને લાગે છે કે શાહિદ આ વાતની સાક્ષી આપી શકે છે કે એ સમયે હું હંમેશાં ખૂબ અકળાયેલી રહેતી હતી, કારણ કે હું સતત ભૂખી રહેતી હતી. જોકે હવે જ્યારે હું મારી જાતને પડદા પર જોઉં છું ત્યારે મને લાગે છે કે મારી બધી મહેનત સફળ થઈ છે. ક્રિતી સૅનન પોતાની આગામી ફિલ્મ 'કૉકટેલ ૨'ની રિલીઝ પહેલાં દર્શન કરવા માટે આંધ્ર પ્રદેશના તિરુમાલા મંદિર પહોંચી હતી. અહીં ક્રિતીએ મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી અને ભક્તિભાવ સાથે થોડો સમય વિતાવ્યો હતો. આ મુલાકાત દરમ્યાન તેણે મંદિરની તમામ પરંપરાઓનું પાલન કર્યું હતું.









## ઈબ્રાહિમ અલીખાન-પલક તિવારી પ્રેમમાં ગળાડૂબ

# પકડાઈ ગયા



ઇબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી હાલમાં તેમની લવ-લાઇફને લઈને ચર્ચામાં છે. હવે તેમનો એક નવો વિડિયો સોશ્યલ મીડિયામાં ચર્ચામાં છે જેમાં ઇબ્રાહિમ ગર્લફ્રેન્ડ પલકને ફોટોગ્રાફર્સના કૅમેરાથી બચાવવાનો સંપૂર્ણ પ્રયાસ કરતો જોવા મળે છે, પરંતુ આખરે એ બન્ને કૅમેરામાં કેદ થઈ જાય છે. એ વખતે કૅમેરાની ભીડ જોઈને ઇબ્રાહિમ થોડો અપસેટ હતો અને માસ્ક પહેરેલી પલકે પણ ચહેરો છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. ઇબ્રાહિમ અને પલકનો આ વિડિયો જુહુમાં આવેલા PVR થિયેટરનો છે. બન્ને અહીં ફિલ્મ જોવા ગયાં હતાં. ફિલ્મ પૂરી થયા બાદ બન્ને બહાર નીકળ્યાં પણ બહાર બન્ને તરફ ફોટોગ્રાફર્સ હાજર હતા જેની તેમને જાણ નહોતી. આ ફોટોગ્રાફર્સને જોતાં જ ઇબ્રાહિમે તરત સીડીઓ તરફથી આગળ આવી રહેલી પલકને બેઝમેન્ટ તરફ ધકેલી દીધી જેથી કૅમેરાથી બચી શકે. જોકે એ સમયે બેઝમેન્ટ તરફ પણ કેટલાક ફોટોગ્રાફર્સ હાજર હતા જેને કારણે બન્ને કૅમેરામાં ક્લિક થઈ ગયાં હતાં.





# દિપિકા પ્રેગનેન્સીથી 'રાકા' નું શૂટ અટક્યું

બીજી વખત મમ્મી બનવા તૈયાર દીપિકા પાદુકોણના ખાતામાં હાલમાં બે મોટા પ્રોજેક્ટ્સ છે. એક તરફ શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ' છે જેનું મોટા ભાગનું શૂટિંગ દીપિકાએ પૂર્ણ કરી લીધું હોવાનું કહેવાય છે. બીજી તરફ અલ્લુ અર્જુનની બહુચર્ચિત ફિલ્મ 'રાકા'માં દીપિકા લીડ ઍક્ટ્રેસ તરીકે જોવા મળશે. જોકે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે દીપિકાની પ્રેગ્નન્સીને કારણે 'રાકા'નું કામ અટવાઈ ગયું છે. રિપોર્ટ પ્રમાણે જૂન મહિનામાં દીપિકાના શેડ્યુલનું શૂટિંગ થવાનું હતું. દીપિકાનાં ઍક્શન દૃશ્યોના શૂટિંગ માટે આ શેડ્યુલ મહત્ત્વનું છે. જોકે દીપિકાએ હજુ સુધી પોતાની આગામી તારીખો નિર્માતાઓને આપી નથી જેના કારણે આયોજનમાં વિલંબ થઈ રહ્યો છે. ફિલ્મનું કામ ક્યાં સુધી પહોંચ્યું છે એ વિશે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

### મુસાફરોને ડરાવી વસૂલી કરતા; RPFએ ઉઘાડ્યો ચોંકાવનારો કાંડ

# બેરોજગારીએ ‘કિન્નર’ બનાવ્યા

## ગેંગ બનાવી ટ્રેનોમાં રૂપિયા ઉઘરાવતા!

» **120 લોકો પકડાયા : મોટાભાગના કિન્નરો યુવક નિકળ્યા**

» **મહિને દરેક વ્યક્તિના ભાગમાં 60,000 રૂપિયા આવતા**

» **યુવકમાંથી 8 કલાક યૂવતી બનો એટલે વર્ષે 7.20 લાખનું પેકેજ**



**સિટી ન્યૂઝ@લખનૌ**

બેરોજગારી યુવાનોને એવા રસ્તાઓ પર ધકેલી રહી છે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. જબલપુર રેલવે સ્ટેશન અને ટ્રેનોમાં મુસાફરો પાસેથી પૈસા વસૂલતા કિન્નરો અંગે રેલવે સુરક્ષા બળ (RPF) ની કાર્યવાહીમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ટ્રેનોમાં ફરતા ઘણા કિન્નરો વાસ્તવમાં યુવકો છે, જેઓ માત્ર આસાન કમાણી અને આર્થિક તંગીના કારણે નકલી રૂપ ધારણ કરીને ફરી રહ્યા છે. RPF એ છેલ્લા ૬ મહિનામાં આશરે ૧૨૦ થી વધુ લોકોને પકડ્યા છે, જેમાંના ૬૦ ટકા એટલે કે ૬૦ થી વધુ લોકો યુવકો નીકળ્યા છે. ટ્રેનોમાં જબરદસ્તી વસૂલીની સતત મળતી ફરિયાદો બાદ RPF એ ૩ જૂનના રોજ એક ખાસ ચેકિંગ અભિયાન ચલાવીને ત્રણ શંકાસ્પદ કિન્નરોને કસ્ટડીમાં લીધા હતા. પોલીસની કડક પૂછપરછમાં સામે આવ્યું કે આ ત્રણેય મહિલા કે કિન્નર નથી પરંતુ સારી પરિસ્થિતિના યુવકો છે જેઓ વેશપલટો કરીને મુસાફરોને ઠગી રહ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં કાનપુરનો રહેવાસી આશિષ (બદલાયેલું નામ-આશી), મહેશ (માહી) અને પિંચુ (તરન્નુમ) સામેલ છે. આ યુવકો જબલપુરના ગાયત્રી નગરમાં ભાડેથી રૂમ રાખીને સાથે રહે છે અને ઘરથી સામાન્ય છોકરાઓની જેમ પેન્ટ-શર્ટ પહેરીને નીકળે છે, પરંતુ રેલવે સ્ટેશન પહોંચતા પહેલા કોઈ સુરક્ષિત જગ્યાએ સાડી કે સૂટ પહેરી, માંગમાં સિંદૂર લગાવી અને ભારે મેકઅપ કરીને કિન્નરનું રૂપ ધારણ કરી લે છે. તેમની ચાલવા-બોલવાની રીત એટલી સચોટ હોય છે કે સામાન્ય મુસાફરો તો ઠીક પણ પોલીસ પણ છેતરાઈ જાય છે.


આરોપી આશિષે જણાવ્યું કે તે નોકરી માટે ઘણા શહેરોમાં ભટક્યો પણ કામ ન મળતા સોશિયલ મીડિયા પર વીડિયો જોઈને આ રસ્તો અપનાવ્યો. મુસાફરોના ડર અને સંકોચનો ફાયદો ઉઠાવીને આ લોકો પ્રતિ પેસેન્જર ૧૦ થી ૧૦૦ રૂપિયા સુધી વસૂલે છે, જેથી તેમની રોજના ૧,૫૦૦ થી ૨,૦૦૦ રૂપિયાની કમાણી થઈ જાય છે. જો કોઈ મુસાફર રોકડા પૈસા ન હોવાનું બહાનું કાઢે તો તેઓ તરત જ ઓનલાઈન પેમેન્ટ માટે ક્યૂઆર (QR) કોડ સામે ધરી દે છે. RPF ના અધિકારીઓએ જણાવ્યું કે આ ધંધામાં વગર કોઈ રોકાણે એટલી મોટી અને સહેલી કમાણી છે કે કેટલાક યુવકો હવે લિંગ પરિવર્તન (જેન્ડર ચેન્જ) ઓપરેશન કરાવવાની પણ વાત વિચારી રહ્યા છે. આરોપીઓ સારી રીતે જાણે છે કે રેલવે એક્ટ હેઠળ પકડાયા પછી કોર્ટમાંથી સરળતાથી અને બહુ જલ્દી જામીન મળી જાય છે, અને આ જ નબળા કાયદાનો ફાયદો ઉઠાવી તેઓ બેખોફ ફરી રહ્યા છે. RPF પોસ્ટ ઇન્ચાર્જ રાજીવ ખરબે જણાવ્યું કે પકડાયેલા મોટાભાગના યુવકો ઉત્તર પ્રદેશ અને બિહારના વતની છે, જેમણે જબલપુર, કટની, નરસિંહપુર અને ઇટારસી જેવા રેલવે જંક્શન વિસ્તારોમાં ગેંગ બનાવી રાખી છે. આ ખુલાસા બાદ અસલી કિન્નર સમુદાયે પણ તીખો વિરોધ નોંધાવ્યો છે. જબલપુરના માહી કિન્નરનું કહેવું છે કે આ નકલી કિન્નરો અને છોકરાઓની ટોળકીઓ ટ્રેનોથી લઈને મહોલ્લાઓ સુધી લોકો સાથે અભદ્ર વર્તન અને જબરદસ્તી વસૂલી કરે છે, જેના કારણે અસલી કિન્નર સમાજની બદનામી થાય છે અને લોકો તેમને ખોટા સમજવા લાગે છે, તેથી વહીવટી તંત્રે આવા ઠગો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.

## ટાવરનો ત્રાસ : કાયદાના બદલાવ માટે વિધાનસભામાં ઈટાલિયાએ બિલ રજૂ કર્યું

# ખેડૂતોને પોલીસની ધમકી આપી ખેતરોમાં પ્રાઈવેટ કંપનીના ‘ટાવર’ નાંખવામાં આવે છે

## 140 વર્ષ જૂના કાયદાથી ખેડૂતોને અન્યાય સરકાર બીલ બદલેઃ ગોપાલ ઈટાલિયા





**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ખેડૂતોના ખેતરોમાં પ્રાઈવેટ કંપનીઓ દ્વારા બળજબરીપૂર્વક વીજળીના ટાવર અને થાંભલા નાખવાના મુદ્દે રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ ફેસબૂક લાઈવના માધ્યમથી આ ગંભીર સમસ્યા પર પ્રકાશ પાડતા જણાવ્યું છે કે, ખેડૂતોની જમીન પર દાદાગીરી અને ગુંડાગર્દી કરીને, પોલીસ પ્રશાસનને ભાડે લાવીને પ્રાઈવેટ કંપનીઓ પોતાના ટાવર ઊભા કરી રહી છે. આ અંગે તેમણે ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્ન પૂછ્યો હતો, જેના લેખિત જવાબમાં સામે આવ્યું છે કે માત્ર ૨ જિલ્લામાં ૨ વર્ષની અંદર ખાનગી કંપનીઓએ પોલીસ બંદોબસ્ત માટે ૧૮ કરોડ રૂપિયાનું ભાડું ચૂકવ્યું છે. આ સાબિત કરે છે કે પોલીસ કોઈ સરકારી કામ માટે નહીં પરંતુ ખાનગી કંપનીઓના ઓન-પેમેન્ટ બંદોબસ્ત માટે ખેડૂતોને ધમકાવવા આવે છે. ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, અંગ્રેજોએ વર્ષ ૧૮૮૫માં ખેડૂતોની જમીનો પચાવી પાડવા માટે જે ટેલિગ્રાફ કાયદો બનાવ્યો હતો, તેનો જ ઉપયોગ વર્તમાન સરકાર વર્ષ ૨૦૨૬માં કરી રહી છે. સમય બદલાયો છે, ટેકનોલોજી બદલાઈ છે, પરંતુ કાયદો હજુ પણ ૧૪૦ વર્ષ જૂનો જ ચાલી રહ્યો છે. ખેડૂતોના હક્કોની રક્ષા કરવા અને ન્યાયસંગત વળતર અપાવવા માટે તેમણે ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભામાં એક નવો કાયદાકીય પ્રસ્તાવ (બિલ) રજૂ કર્યો છે. જો તમામ ધારાસભ્યો પક્ષભેદ ભૂલીને આ બિલના સમર્થનમાં વોટ આપશે, તો ખેડૂતોને તેમની જમીનની સાચી બજાર કિંમત મુજબનું વળતર મળી શકશે. પ્રેસ કોન્ફરન્સ અને સોશિયલ મીડિયાના માધ્યમથી વિગતો આપતા તેમણે ઉમેર્યું કે, પ્રાઈવેટ કંપનીઓ ખેતરમાં ટાવર નાખીને આજીવન કરોડો-અબજો રૂપિયાનો નફો કમાય છે, જ્યારે ખેડૂતને માત્ર એક જ વાર નજીવું વળતર આપીને સંતોષ માનવો પડે છે. ખેતરમાં ટાવર આવવાના કારણે જમીનની માર્કેટ વેલ્યુ શૂન્ય થઈ જાય છે, ભવિષ્યમાં વારસદારો વચ્ચે જમીનના ભાગબટાવ કરવામાં મુશ્કેલી પડે છે અને રહેણાંક કે વ્યાપારી બાંધકામ કરવાના તમામ આકાશીય અધિકારો છીનવાઈ જાય છે. આ ઉપરાંત, દર વર્ષે મેન્ટેનન્સના નામે કંપનીના વાહનો ખેતરમાં આવીને ઊભા પાકને નુકસાન પહોંચાડે છે, જેનું કોઈ વળતર મળતું નથી. સામાન્ય ખેડૂતોના ભોગે પ્રભાવશાળી વ્યક્તિઓના ખેતરો બચાવી લેવાતા હોવાના આક્ષેપો પણ તેમણે કર્યા છે.

# આજથી બાબા બાગેશ્વરનો દરબાર...

## રેસકોર્સ મેદાનમાં 3 દિવસ ચાલશે બાબા બાગેશ્વરની સનાતન હનુમંત કથા

## દરરોજ સાંજે 7 થી 11 કલાક સુધી યોજાશે કથા અને દિવ્ય દરબાર



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના હાર્દસમા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આજથી એટલે કે ૫ જૂનથી ૭ જૂન સુધી બાબા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર અને 'સનાતન સેતુ હનુમંત કથા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમને લઈને સૌરાષ્ટ્રભરના શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી પ્રબળ શક્યતા છે.

આ ઐતિહાસિક ધાર્મિક મહોત્સવ ત્રણેય દિવસ (૫, ૬ અને ૭ જૂન) દરરોજ સાંજે ૭ વાગ્યાથી શરૂ થઈને રાત્રે ૧૧ વાગ્યા સુધી યોજાશે. આ કથા અને દિવ્ય દરબારમાં ધીરેન્દ્ર શાસ્ત્રી લોકોની આધ્યાત્મિક અને શારીરિક સમસ્યાઓ સાંભળશે અને હનુમાન ભક્તિનો મહિમા સમજાવશે. સનાતન ધર્મનો પ્રચાર કરવા અને હિન્દુ સમાજને સંગઠિત કરવાના આશયથી આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

દિવ્ય દરબાર અને કથાની સત્તાવાર શરૂઆત પહેલાં રાજકોટ શહેરના અલગ-અલગ ૧૨ ઝોનમાં ભવ્ય કળશ યાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને ધર્મપ્રેમીઓ જોડાશે. પેટ્રોલ-ડીઝલ બચાવવાના સંદેશ સાથે એક મોટી યાત્રાના બદલે ૧૨ અલગ ઝોનમાં કળશ યાત્રા કાઢવાનો નિર્ણય લેવાયો છે.

પર્યાવરણની જાળવણી અને આધુનિકતાને ધ્યાને રાખીને આયોજકો દ્વારા એક અનોખી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ વ્યવસ્થા અંતર્ગત બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના એરપોર્ટ આગમનથી લઈને કથા સ્થળ સુધીના સમગ્ર કાફલામાં અને સ્વાગત યાત્રામાં માત્ર ઈલેક્ટ્રિક (EV) કારનો જ ઉપયોગ કરવામાં આવશે, જે અન્ય ધાર્મિક આયોજનો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.

### રાજકોટ પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ

આ ભારે વિરોધ અને વિવાદને જોતા રાજકોટ પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આયોજકોના જણાવ્યા મુજબ, વિરોધ વચ્ચે પણ ભક્તોમાં ભારે ઉત્સાહ છે અને દિવ્ય દરબારની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે આ ત્રણ દિવસીય કાર્યક્રમ દરમિયાન વિરોધ પ્રદર્શન શું વળાંક લે છે.




## પરષોત્તમ પિપળિયા પોલીસ સ્ટેશન પહોંચી કહ્યું દિવ્ય દરબાર બંધ કરો : ચમત્કારનો પર્દાફાશ કરનારને પણ પ્રોટેક્શન આપો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રેસકોર્સ મેદાનમાં આજથી ૭ જૂન દરમિયાન બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો ત્રિદિવસીય કથા અને દિવ્ય દરબારનો કાર્યક્રમ શરૂ થવા જઈ રહ્યો છે. જૂન ૨૦૨૩ બાદ ફરી ૫ જૂન ૨૦૨૬ ના રોજ બાબા બાગેશ્વર રાજકોટ પધાર્યા છે. એક તરફ ભક્તોમાં ભારે ઉત્સાહ છે, તો બીજી તરફ આ દિવ્ય દરબારમાં થતા કથિત ચમત્કારોનો પર્દાફાશ કરવા પાટીદાર અગ્રણી પરષોત્તમ પીપળીયા મેદાને આવ્યા છે. તેમણે પોલીસ સ્ટેશન પહોંચીને ૨ અરજીઓ કરી છે, જેમાં દિવ્ય દરબાર બંધ કરવા અને પોતે દરબારમાં જાય ત્યારે પોલીસ સુરક્ષા પૂરી પાડવા માંગ કરી છે.

પરષોત્તમ પીપળીયાએ જણાવ્યું કે,



ગઈકાલે તેમણે કરેલી અરજીઓના સંદર્ભમાં તેમને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ દ્વારા હાજર રહેવા માટે બોલાવવામાં આવ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે, તેમને હનુમાન કથા સામે કોઈ વાંધો નથી અને કથા ચોક્કસપણે ચાલુ રહેવી જોઈએ. પરંતુ આ કથાના બહાના હેઠળ જે 'દિવ્ય દરબાર' યોજવામાં આવે છે અને અંધશ્રદ્ધા ફેલાવવામાં આવે છે, તેનો તેઓ સખત વિરોધ કરે છે.

પીપળીયાએ વધુમાં ઉમેર્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રીએ વિરોધીઓની ચેલેન્જ સ્વીકારીને દરબારમાં આવવા માત્ર મીડિયાના માધ્યમથી જાહેર આમંત્રણ આપ્યું છે. તેમની મુખ્ય માંગણી એ છે કે, જેવી રીતે ધીરેન્દ્ર શાસ્ત્રીને પોલીસ સુરક્ષા આપવામાં આવે છે, તેવી જ રીતે કથિત ચમત્કારોનો પર્દાફાશ કરવા જઈ રહેલા આલોચકોને પણ સુરક્ષા મળવી જોઈએ. આ હેતુથી જ તેમણે પોલીસમાં અરજી કરી છે. ઉલ્લેખનીય છે કે પીપળીયાએ અગાઉ વર્ષ ૧૯૯૭ ના એક રહસ્યમય અપહરણ કેસનો ઉકેલ લાવી બતાવવા બાબાને ચેલેન્જ આપી હતી.




# મુંબઈમાં CNGમાં ફરી 2 રૂપિયાનો વધારો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં CNG અને PNGનો ઉપયોગ કરતા ગ્રાહકો ફરી એકવાર મોંઘવારીનો ભોગ બન્યા છે. મહાનગર ગેસ લિમિટેડએ CNGના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૨ નો વધારો કર્યો છે, જ્યારે ઘરેલું પાઇપ્ડ નેચરલ ગેસમાં પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર માટે ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ ૨૯-૩૦ મેની મધ્યરાત્રિથી અમલમાં આવ્યા છે.

નવા ભાવો અનુસાર, મુંબઈમાં CNG ના ભાવ રૂ. ૮૪ પ્રતિ કિલોથી વધીને રૂ. ૮૬ પ્રતિ કિલો થઈ ગયા છે. બીજી તરફ, ઘરેલું PNG ના ભાવ હવે રૂ. ૫૨ પ્રતિ SCM થઈ ગયા છે. નોંધનીય છે કે છેલ્લા ૧૫ દિવસમાં આ બીજી વખત ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ, ૧૩-૧૪ મેના રોજ, CNG ના ભાવમાં પણ રૂ. ૨ નો વધારો કરવામાં આવ્યો હતો.

ભાવ વધારા છતાં, MGL કહે છે કે CNG હજુ પણ સૌથી વધુ ખર્ચ-અસરકારક ઈંધણ છે. કંપનીના જણાવ્યા અનુસાર, મુંબઈમાં હાલના ભાવોને ધ્યાનમાં લેતા, CNGનો ઉપયોગ પેટ્રોલની સરખામણીમાં લગભગ ૪૫ ટકા અને ડીઝલની સરખામણીમાં લગભગ ૧૨ ટકા બચાવે છે. CNGના ભાવમાં વધારાથી ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોના સંચાલન ખર્ચમાં વધારો થયો છે. આને કારણે, વિવિધ ઓટો-ટેક્સી યુનિયનો ભાડામાં રૂ. ૨ થી રૂ. ૩ નો વધારો કરવાની માંગ કરી રહ્યા છે.

જો સરકાર અથવા સંબંધિત અધિકારીઓ આ માંગણી સ્વીકારે છે, તો મુસાફરોને પણ વધારાનો ખર્ચ સહન કરવો પડી શકે છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં CNG આધારિત વાહનોની સંખ્યા ૧૨ લાખથી વધુ છે.

### ગેસના ભાવ કેમ વધી રહ્યા છે?

MGLના અધિકારીઓના મતે, દેશમાં ઉપલબ્ધ કુદરતી ગેસની ફાળવણીમાં ઘટાડો થયો છે. જેના કારણે કંપનીને વધુ મોંઘા વૈકલ્પિક અને આયાતી સ્ત્રોતોમાંથી ગેસ ખરીદવો પડી રહ્યો છે. ઉપરાંત, અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાના નબળા પડવાથી આયાતી ગેસના ભાવમાં પણ વધારો થયો છે, જેની સીધી અસર ગ્રાહકો પર પડી શકે છે.

## રિઝર્વ બેંકે રેપોરેટ 5.25% પર યથાવત રાખ્યો

# EMI પર RBIની બ્રેક લોન ધારકોને રાહત

**સિટી ન્યૂઝ@મુંબઈ**




રિઝર્વ બેંકે નવા નાણાકીય વર્ષની બીજી મીટિંગમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. તેને ૫.૨૫% પર યથાવત રાખ્યો છે. તેનાથી લોન મોંઘી નહીં થાય અને EMI વધશે નહીં. આ સાથે, RBI એ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે તેના GDP ગ્રોથના અનુમાનને ૬.૯% થી ઘટાડીને ૬.૬% કર્યું છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૭ માં રિટેલ મોંઘવારીના અનુમાનને ૪.૬% થી વધારીને ૫.૧% કર્યું છે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ ૫ જૂને મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયો વિશે માહિતી આપી હતી. આ પહેલા એપ્રિલમાં પણ રેપો રેટમાં કોઈ ફેરફાર થયો ન હતો. RBI એ છેલ્લે ડિસેમ્બર ૨૦૨૫ માં વ્યાજ દર ૦.૨૫% ઘટાડીને ૫.૨૫% કર્યો હતો. RBI જે દરે બેંકોને લોન આપે છે તેને રેપો રેટ કહેવાય છે. જ્યારે RBI રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકો આ લાભ ગ્રાહકો સુધી પહોંચાડે છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને સપ્લાય ચેઇનમાં અવરોધોને કારણે RBI એ આર્થિક વિકાસ દર એટલે કે GDP વૃદ્ધિના અંદાજમાં ઘટાડો કર્યો છે. હવે ચાલુ નાણાકીય વર્ષ માટે GDP વૃદ્ધિના આઉટલુકને ૬.૯% થી ઘટાડીને ૬.૬% કરવામાં આવ્યો છે.

મોંઘવારીના વધતા જોખમો છતાં મોનેટરી પોલિસી કમિટીએ પોતાની નીતિનું વલણ 'તટસ્થ' જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. કમિટી પરિસ્થિતિ પર નજર રાખતા ડેટાના આધારે આગળ પગલાં લેશે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે જોકે રિટેલ મોંઘવારી હજુ લક્ષ્યના દાયરામાં છે, પરંતુ વૈશ્વિક તણાવને કારણે ફ્યુઅલ (ઈંધણ) અને એનર્જીની વધતી કિંમતો આગળ જતાં છૂટક બજાર અને સામાન્ય જનતાના ખિસ્સા પર દબાણ લાવી શકે છે.

પશ્ચિમ-દક્ષિણ ચોમાસામાં ઘટાડો (ઓછો વરસાદ) થવાના અનુમાનને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તેની સીધી અસર ખેતીની ઉપજ અને ગ્રામીણ વિસ્તારોમાં માગ પર પડી શકે છે.

## કેબિનેટની બેઠકમાં સહાય યોજના મંજૂરી આપી

# સરકારે એરલાઈન્સને આપી 10,000 કરોડ રૂપિયાની રાહત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે સર્જાયેલી કટોકટીને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઑઈલના આસમાને પહોંચેલા ભાવ વચ્ચે મોદી સરકારે ઘરેલુ ઍરલાઇન્સ કંપનીઓને મોટી રાહત આપી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં બુધવારે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની મોટી સહાયયોજનાને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ સરકારી તેલકંપનીઓ માટે એવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (ATF)ના ભાવ પર કૅપિંગ નક્કી કરવામાં આવ્યું છે.

આ આર્થિક સહાયથી ભારતીય ઍરલાઇન્સનાં ઑપરેશન્સમાં કોઈ અવરોધ નહીં આવે અને વૈશ્વિક સ્તરે ભાવ વધવા છતાં મુસાફરો પર મોંઘી ટિકિટોનો બોજ નહીં પડે.

નવા નિયમ મુજબ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બન્ને ફ્લાઇટ્સ માટે જેટ ફ્યુઅલનો મહત્તમ ભાવ દિલ્હીમાં પ્રતિ લીટર ૧૧૫ રૂપિયા અને મુંબઈમાં ૧૧૪.૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. હાલમાં દિલ્હીમાં સ્થાનિક ફ્લાઇટ્સ માટે આ ભાવ ૧૦૫ રૂપિયા અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે ૧૧૦ રૂપિયા છે, પરંતુ જો બ્રેન્ટ ક્રૂડના ભાવ (જે હાલમાં બૅરલદીઠ ૯૭ ડૉલર પર છે) વધુ વધશે તો પણ ઍરલાઇન્સને વધુ ચૂકવવા નહીં પડે. તેલકંપનીઓને થનારા નુકસાનની ભરપાઈ સરકાર વ્યાજમુક્ત ઍડ્વાન્સ આપીને કરશે. આ મૅકેનિઝમ આગામી ૩૬ મહિના સુધી અમલમાં રહેશે. નોંધનીય છે કે કોઈ પણ ઍરલાઇનના ઑપરેટિંગ ખર્ચમાં ૪૦ ટકા હિસ્સો માત્ર ઈંધણનો હોય છે, જેથી આ નિર્ણય ઉડ્ડયન ક્ષેત્ર માટે લાઇફલાઇન સાબિત થશે.

## તેંડુલકર પછી ભારતીય ટીમમાં પસંદ થનાર વૈભવ સૌથી યુવા ખેલાડી બનશે

# શ્રેયસ અય્યર બનશે T-20 કેપ્ટન?

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શ્રેયસ અય્યર ભારતનો નવો T૨૦ કેપ્ટન બની શકે છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર સૂર્યકુમાર યાદવને કેપ્ટનશીપ પરથી હટાવી દેવામાં આવ્યો છે. જ્યારે બેટર તિલક વર્માને વાઈસ કેપ્ટન બનાવવામાં આવે તેવી સંભાવના છે. ભારતીય ટીમની જાહેરાત શનિવારે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે કરવામાં આવશે.




IPL ૨૦૨૬માં સૌથી વધુ રન બનાવનાર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરવામાં આવશે. ૬ જૂને યોજાનારી સિલેક્શન કમિટીની મિટિંગમાં અય્યર પણ સામેલ થઈ શકે છે.

શ્રેયસે ભારત માટે પોતાની છેલ્લી T૨૦ મેચ ડિસેમ્બર ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે બેંગલુરુમાં રમી હતી. ટીમ કોમ્બિનેશનના કારણે તે ટીમમાંથી બહાર હતો. આ જ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામેની હોમસિરીઝમાં તેને ઈન્જરી રિપ્લેસમેન્ટ તરીકે સામેલ કર્યો હતો, પરંતુ વર્લ્ડ કપની તૈયારીઓના કારણે તેને પ્લેઈંગ-૧૧માં તક મળી નહોતી. હવે લગભગ અઢી વર્ષ પછી તે નેશનલ ટીમમાં પરત ફરી શકે છે.



**હવે વૈભવ સૂર્યવંશીને પહેલીવાર તક મળવાની સંભાવના**

શ્રેયસે પંજાબ કિંગ્સ (PBKS) માટે હાલમાં સમાપ્ત થયેલી IPL ૨૦૨૬માં ૧૬૮.૮૧ની સ્ટ્રાઈક રેટથી ૪૯૮ રન બનાવ્યા હતા. તે વર્ષ ૨૦૨૫માં પણ પંજાબ કિંગ્સને ફાઈનલ સુધી લઈ ગયો હતો, જ્યાં તેણે ૬૦૪ રન બનાવ્યા હતા. આ પહેલા તેણે ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને ટાઈટલ જીતાડ્યું હતું અને ૨૦૨૦માં દિલ્હી કેપિટલ્સ (DC)ને ફાઈનલમાં પહોંચાડી હતી. બિહારના ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ભારતીય સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવશે. તે ૧૯૮૦ના દાયકાના અંતમાં સચિન તેંડુલકરની પસંદગી પછી ભારતીય મેન્સ ટીમમાં પસંદ થનાર સૌથી યુવા ખેલાડી બનશે. વૈભવે IPL ૨૦૨૬માં ૨૩૭.૩૦ના સ્ટ્રાઈક રેટથી ૭૭૬ રન બનાવ્યા છે. સિનિયર પ્રવાસ પહેલા તે ૯ થી ૨૧ જૂન સુધી શ્રીલંકામાં અફઘાનિસ્તાન સાથે યોજાનારી ટ્રાઈ-સીરીઝમાં ઈન્ડિયા-A માટે રમશે.




**પટનામાં કોચિંગ ક્લાસ ફાયરીંગ પ્રકરણ**

# ‘ખાન સર’ સામે FIR

**સિટી ન્યૂઝ@પટના**

પટનામાં ખાન સરની ધરપકડ માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસ સૂત્રો અનુસાર, કદમકુઆં પોલીસ સ્ટેશનમાં ફૈસલ ખાન ઉર્ફે ખાન સર વિરુદ્ધ હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

આ કાર્યવાહી તેમની કોચિંગમાંથી ફાયરિંગનો વીડિયો સામે આવ્યા બાદ થઈ છે. જ્યારે ખાન સરનું કહેવું છે કે ગોળીબાર આત્મરક્ષા (સેલ્ફ ડિફેન્સ)માં કરવામાં આવ્યો હતો.

ખરેખરમાં, ૨ જૂનની રાત્રે પટના સ્થિત ખાન સરની કોચિંગ પર હુમલો થયો હતો. ઘટના દરમિયાન તેમના બોડીગાર્ડ્સ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો વીડિયો સામે આવ્યો હતો.

આ મામલે પોલીસે પહેલાથી જ બંને બોડીગાર્ડ્સને ધરપકડ કરીને જેલમાં ધકેલી દીધા છે અને ખાન સરની પણ પૂછપરછ કરવામાં આવી છે. હવે પોલીસના નિવેદન પર નોંધાયેલી FIRમાં ખાન સરને નામજોગ આરોપી બનાવવામાં આવ્યા છે.

હુમલાના દિવસે ખાન સરે પોલીસના ખૂબ વખાણ કર્યા હતા. હવે તેમણે કહ્યું કે પોલીસ મોડી પહોંચી. ગાર્ડ્સના ફાયરિંગવાળા વીડિયો પર ખાન સરે કહ્યું, મારપીટ થઈ રહી હતી. મને ખબર હતી કે પોલીસને પહોંચવામાં સમય લાગશે. પોલીસ ત્યાં ઉડીને તો નથી પહોંચતી, એટલે અમે સેલ્ફ ડિફેન્સમાં ફાયરિંગ કર્યું હતું.

ગાર્ડ શા માટે રાખવામાં આવે છે જેથી જરૂર પડે ત્યારે લોકોને બચાવી શકે. જ્યાં સુધી પોલીસ નહોતી આવી ત્યાં સુધી એક બોડીગાર્ડે શું કરવું જોઈતું હતું. શું ગાર્ડ્સે કોઈના પર ફાયરિંગ કર્યું.

આ પહેલા ખાન સરનો એક નવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં તેઓ ક્લાસરૂમમાં બાળકોને પોતાની કોચિંગ પર થયેલા હુમલા વિશે જણાવી રહ્યા છે.

તેઓ સીસીટીવી ફૂટેજ બતાવીને બાળકોને કહી રહ્યા છે કે જે કોચિંગના ગાર્ડને લઈ જઈ રહ્યા છે તેની ધરપકડ હજુ સુધી થઈ નથી. મુદ્દા પરથી ધ્યાન ભટકાવવામાં આવી રહ્યું છે.

ખાન સરે એમ પણ કહ્યું કે, જો ખાન ગ્લોબલ સ્ટડીઝ બંધ થઈ જશે તો આગામી ૬ મહિનામાં ઘણા કોચિંગ સંસ્થાઓની ફી એક લાખથી દોઢ લાખ રૂપિયા સુધી પહોંચી જશે.

# તમિલનાડુ ભાજપ પ્રમુખ રહેલા અન્નામલાઈએ પાર્ટી છોડી

**સિટી ન્યૂઝ@ચેન્નઈ**

તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈએ શુક્રવારે નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો મેસેજમાં અન્નામલાઈએ કહ્યું કે આજે અમે એક આંદોલન શરૂ કરવા જઈ રહ્યા છીએ. અમારી રાજકીય પાર્ટી તમિલનાડુમાં ૨૦૩૧માં આગામી વિધાનસભા ચૂંટણી લડશે.

અન્નામલાઈએ કહ્યું- મારા માટે એ નક્કી કરવું ખૂબ મુશ્કેલ હતું કે હું ભાજપનો સભ્ય રહું કે તમિલ લોકો સાથે જોડાયેલો રહું. મેં ૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પાર્ટીને જણાવ્યું કે હું રાજીનામું આપવા જઈ રહ્યો છું. પાર્ટીએ મને કહ્યું કે પહેલા ચૂંટણી થઈ જવા દો, પછી જાઓ.



અન્નામલાઈએ ૨ જૂને ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. લેટર શુક્રવારે સામે આવ્યો. તેમણે રાજીનામાનું કારણ જણાવતા લખ્યું કે છેલ્લા ૧૮ મહિનાથી હાઈકમાન્ડ સાથે તેમના મતભેદ ચાલી રહ્યા છે. હવે તેમના વિચારો એકસરખા રહ્યા નથી. અન્નામલાઈ કર્ણાટક કેડરના IPS અધિકારી રહી ચૂક્યા છે. નોકરી છોડીને ૨૦૨૦માં ભાજપ સાથે જોડાયા. પાર્ટીએ પહેલા તેમને પ્રદેશ ઉપાધ્યક્ષ અને પછી અધ્યક્ષ બનાવ્યા. અન્નામલાઈના નેતૃત્વ હેઠળ ભાજપે ૨૦૨૧ અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી લડી. બંને ચૂંટણીઓમાં ભાજપનો વોટ શેર ૨% થી વધુ વધી શક્યો નહીં. પીએમ મોદીજીના નેતૃત્વથી પ્રેરિત થઈને હું ૬ વર્ષ પહેલા ભાજપમાં જોડાયો હતો. મારો હેતુ તમિલનાડુમાં પરિવર્તન લાવવાનો અને રાજ્યમાં રાજકારણની રીતભાત સુધારવાનો હતો.

# મેં જ્યારે પહેલી વખત ધ્યાનથી મુમતાઝને જોઈ ત્યારે લાગ્યું અલ્લાહે બહુ ફુરસતમાં તેને બનાવી છે





જેલમાં આવ્યા પછી ગોપાલ પાસે વિષય પૂરા થઈ જાય, એટલે તે તરત પોતાની લવસ્ટોરી સલીમને સંભળાવવા લાગતો હતો. સલીમે નિશી અને ગોપાલની પ્રેમકહાની અનેક વખત સાંભળી હોવા છતાં દરેક વખતે જાણે પહેલી જ વખત સાંભળતો હોય, તેવી રીતે તેમની કહાની સાંભળતો હતો.એક દિવસ અચાનક ગોપાલના ધ્યાનમાં આવ્યું કે, જ્યારે જ્યારે તે નિશી સાથેના પ્રેમની વાત કરે; ત્યારે સલીમ કંઈક વિચારમાં ખોવાઈ જતો. સલીમ અને ગોપાલ તો મિત્રો હતા, પણ હવે તેમની સાથે ઘણી વખત ગોવિંદ પણ આવીને બેસતો. એક રાતે અચાનક ગોવિંદની હાજરીમાં ગોપાલે પૂછી નાખ્યું, “અરે સલીમ, તારા જીવનની પણ કોઈ લવ સ્ટોરી તો હશેને! આટલા વર્ષોની દોસ્તીમાં તે તારી વાત તો ક્યારેય કરી નથી.”સલીમ જાણે આરોપીના પાંજરામાં આવી ગયો હોય એવો તેનો ચહેરો થઈ ગયો. સલીમે કહ્યું, “મારી લવ સ્ટોરી! અરે ભાઈ, કોઈ સ્ટોરી નથી.”

સલીમનો ચહેરો કહી રહ્યો હતો કે, તે ખોટું બોલી રહી રહ્યો છે. ગોવિંદ ધ્યાનથી સલીમ સામે જોઈ રહ્યો. સંવાદ તો સલીમ અને ગોપાલ વચ્ચે જ થઈ રહ્યો હતો. ગોવિંદ તેમની વાતો સાંભળી રહ્યો હતો. એ બંને વચ્ચે દલીલ ચાલી રહી ત્યારે ગોવિંદે અચાનક સલીમને પૂછ્યું, “મિયાં, તારા નિકાહ થઈ ગયા છે?” સલીમ એકદમ ચૂપ થઈ ગયો. ગોવિંદને પોલીસની સાથે રહેવાનો અનુભવ હતો. કયા પ્રશ્ન કઈ રીતે પ્રશ્ન પુછવો જોઈએ, તેની સમજ એનામાં આવી ગઈ હતી. સલીમે માથું હલાવી ના પાડી. ગોવિંદે પૂછ્યું, “કેટલી ઉંમર થઈ?”

સલીમે જવાબ આપ્યો, “સત્તાવીસ.”

ગોવિંદે પ્રશ્નને ટાઇટ કરતાં કહ્યું, “મિયાં, તમારી કોમમાં તો નિકાહ વહેલા થઈ જાય, તારા નિકાહ થયા નથી એટલે કંઈક ગરબડ છે.”ગોવિંદનો પ્રશ્ન સાંભળી સલીમ શાંત થઈ ગયો. ગોપાલ કંઈક પૂછવા જતો હતો, પણ ગોવિંદે આંખના ઈશારે તેને શાંત રહેવાનું કહ્યું. ગોપાલ અને ગોવિંદની નજર સલીમ તરફ હતી. સલીમ થોડીવાર શાંત રહ્યા પછી બોલ્યો, “એનું નામ મુમતાઝ હતું.”ગોપાલે પહેલી વખત સલીમના મોંએ કોઈ છોકરીનું નામ સાંભળ્યું. સલીમનો ચહેરો ગંભીર હતો. તેણે પોતાની વાત આગળ વધારતાં કહ્યું, “મુમતાઝ મારા જ મહોલ્લાના નાકા પર રહેતી હતી. મેં પહેલાં પણ તેને જોઈ હતી, પણ મને તેના વિશે ક્યારેય કશો વિચાર આવ્યો નહોતો. કદાચ મેં એની સામે ધ્યાનથી જોયું જ નહોતું. મારા કાકાની દીકરીના નિકાહ હતા. આખા મહોલ્લાને દાવત હતી. મુમતાઝ પણ દાવતમાં આવી હતી. હું મહેમાનોની સરભરામાં હતો. મુમતાઝ મને ટગર ટગર જોઈ રહી હતી. મને એની ખબર જ નહોતી, પણ મારી ફોઈની દીકરીએ આવી મને કાનમાં પૂછ્યું, “પેલી ગુલાબી ડ્રેસવાળી કોણ છે?” હું આમતેમ નજર દોડાવીને શોધવા લાગ્યો કે, કોણ ગુલાબી ડ્રેસવાળી? તેણે ઈશારો કરીને એક છોકરી બતાવી. એ મુમતાઝ હતી.મેં મારી બેનને કહ્યું કે, અમારા મહોલ્લામાં જ રહે છે. મુમતાઝ નામ છે. મારી બહેને કહ્યું, “તારીપર ફિદા છે ભાઈ. મને ભાભી ગમી ગઈ છે.”બસ, એટલું બોલીને તે જતી રહી. પહેલી વખત મારું ધ્યાન જુદી રીતે મુમતાઝ તરફ ગયું. તેને જોઈ મને લાગ્યું કે, ખુદાએ બહુ ફુરસતના સમયમાં તેને બનાવી છે! ખૂબ સુંદર હતી! એને હું મુફલિસ જેવો કેમ ગમવા લાગ્યો, એની મને પણ ખબર નહોતી. પછી તો હું જ્યારે પણ મહોલ્લામાંથી નીકળતો, ત્યારે એ મારી રાહ જોતી ઊભી હોય. એનો ચહેરો મને જોઈને શરમાઈ જતો. કદાચ એ જ તેના પ્રેમનો એકરાર હશે!તે દિવસે હું આશ્રમ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. એચ. કે. કોલેજના બસસ્ટેન્ડ પર મેં મુમતાઝને જોઈ. ખબર નહીં, મારી અંદર હિંમત



પ્રશાંત દયાળ

ક્યાંથી આવી! અચાનક મારી બાઈકને બ્રેક વાગી ગઈ. એણે મને જોયો, એ હસી. મેં એને કહ્યું, “ઘરે જ જાઉં છું.”એ કંઈ પણ બોલ્યા વગર બાઈક પર બેસી ગઈ. અમારી વચ્ચે કોઈ વાત થઈ નહીં, પણ મુમતાઝ મારી બાઈક પર બેઠી તેના કારણે મારા મનમાં રોમાંચ હતો. તેણે મહોલ્લો આવતા પહેલાં જ મને કહ્યું, “સલીમ, બાઈક રોકી દે. મેં બ્રેક મારી. નીચે ઉતરતાં એણે કહ્યું, “અબ્બુ જોઈ જશે.”એટલું બોલીને થેન્ક્સ કહી એ જતી રહી. પછી અમારી મુલાકાતોનો દૌર શરૂ થયો. અમે લગભગ રોજ મળતાં. અમારામાંથી કોઈએ ક્યારેય એકબીજાને પ્રેમ કરતાં હોવાનો એકરાર કર્યો નહોતો. મુમતાઝ કોલેજના ત્રીજા વર્ષમાં ભણતી હતી. અમારી લવ સ્ટોરી આઠ મહિના ચાલી. કોલેજ પૂરી થતાં એના અબ્બુએ એના નિકાહ માટે છોકરા જોવાની શરૂઆત કરી. મુમતાઝ ખૂબ ડિસ્ટર્બ હતી. મેં એને કહ્યું, “તારા અબ્બુ સાથે વાત કરી લે.”પણ એની હિંમત થતી નહોતી. મેં એતેને ખૂબ સમજાવી. એણે મને પૂછ્યું, “અબ્બુ તારા કામ વિશે પૂછે તો શું કહું?”મેં કહ્યું, “સાચું કહી દેવાનું.” તેણે પૂછ્યું, “તારે એક દીકરી હોય અને એ કોઈ દારૂ વેચનારાના પ્રેમમાં હોય, તો તું તારી દીકરીના નિકાહ એની સાથે કરાવીશ?”મને મુમતાઝની વાત સમજાતી હતી. મેં એને પ્રોમિસ આપી હતી કે, દારૂનો ધંધો છોડીને કોઈ નેક ધંધો શરૂ કરીશ. ઘરેથી ખૂબ દબાણ થતાં મુમતાઝે મારી વાત કરી. તેના અબ્બુ ખૂબ ગુસ્સે થયા અને તેને મારી પણ ખરી. મેં મુમતાઝને કહ્યું હતું કે, આપણે ભાગી જઈએ. પણ એ અબ્બુને નારાજ કરવા માગતી નહોતી. છેલ્લે મુમતાઝ જેને પ્રેમ કરતી નહોતી તેવા એક માલદાર છોકરા સાથે અબ્બુએ મુમતાઝના નિકાહ કરાવી દીધા.મુમતાઝ જતી રહી ત્યારે હું ખૂબ રડ્યો. એ પછી હું ક્યારેય એને મળ્યો જ નહીં. પછી મને કોઈ છોકરી મુમતાઝ જેવી લાગી જ નહીં. મુમતાઝ તો જતી રહી, પણ મારો દારૂનો ધંધો યથાવત્ રહ્યો. હું એને ભૂલવાનો પ્રયત્ન રોજ કરું છું, પણ મુમતાઝ મને છોડવા તૈયાર જ નથી. એ રોજ સવાર સાંજ એની યાદોનું ટોળું લઈ મને મળવા આવી જાય છે.ખેર, ક્યારેક લાગે છે કે, જે થાય છે તે સારું જ થાય છે. કારણ, હું આવી રીતે જેલમાં આવું એ વાત તો મુમતાઝ ક્યારેય બરદાસ્ત ન કરી શકતી.” સલીમ પોતાની વાત કરી રહ્યો હતો. અચાનક સલીમ અને ગોપાલનું ધ્યાન પડ્યું કે, ગોવિંદની આંખમાંથી પણ આંસુ આવી ગયાં હતાં! (ક્રમશ)

# યાજ્ઞિક રોડ પરથી બાંગ્લાદેશ કોલ કરનાર મહિલા ઝડપાઇ

## જિલ્લામાંથી 4 મહિલાઓની અટકાયતઃ ડિપોર્ટ કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના યાજ્ઞિક રોડ પરથી બાંગ્લાદેશ કોલ કરતી એક મહિલા સહિત જિલ્લામાંથી વધુ ચાર બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા છે. શહેર એસઓજી અને સ્થાનિક પોલીસની સંયુક્ત કાર્યવાહીથી ગેરકાયદેસર વસવાટ કરતા કુલ છ ઘૂસણખોરોને ડિપોર્ટ કરવા કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી કાઢવા માટે રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

આ મેગા ડ્રાઈવ અંતર્ગત રાજકોટ પોલીસની અલગ-અલગ ૧૩ ટીમોએ ૩૧ જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે આ તપાસ બીજા દિવસે પણ યથાવત રહેતાં એસઓજીની ટીમે યાજ્ઞિક રોડ પરથી એક કોલ બાંગ્લાદેશ થયો હોવાની ટીમને મળેલ ચોક્કસ બાતમી આધારે યાજ્ઞિક રોડ પરથી તે કોલ કરનાર મહિલાને પકડી પાડી તપાસ કરતા તે મહિલા બાંગ્લાદેશી હોવાનું ખુલ્યું હતું.

જેથી અગાઉ પકડાયેલ પાંચ મળી કુલ છ મહિલાની અટકાયત કરી તેને બાંગ્લાદેશ રિપોર્ટ કરવા તજવીજ હાથ ધરી છે જ્યારે રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમે પણ સતત ઘૂસણખોરોની તપાસ હાથ ધરી શંકાસ્પદોની પૂછતાછ હાથ ધરી હતી.

જેમાં ઉપલેટા, જેતપુર, વિરપુર અને શાપરમાંથી પણ ૧-૧ ઘૂસણખોરને પકડી તેને પણ ડિપોર્ટ કરવાં તજવીજ હાથ ધરી છે.

### ભગવતીપરામાં લુખ્ખાગીરી આચરનાર હુમલાખોરની શોધખોળ હાથધરી

# બરફ નહીં આપતા પરપ્રાંતીય યુવકને છરી ઝીંકી રોકડ લૂંટી લીધી

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં લુખ્ખા અને અસામાજિક તત્વોમાં પોલીસનો કોઈ ડર રહ્યો ન હોય તેમ કાયદો હાથમાં લેવાની ઘટનાઓ સતત વધી રહી છે. આવી જ એક ચોંકાવનારી ઘટના રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં બુધવારે રાત્રિના ગોલાની લારી ચલાવી પરત ફરી રહેલા એક નિર્દોષ યુવાન પર અજાણ્યા શખ્સે છરી વડે જીવલેણ હુમલો કરી, તેની પાસેથી રોકડની લુંટ ચલાવી શખસ નાસી ગયાના બનાવમાં બી ડીવીજન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા દોડધામ શરુ કરી છે. બનાવની વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશનો અને છેલ્લા આઠેક વર્ષથી રાજકોટના ભગવતીપરામાં રહેતા હરિબચ્ચન રામભાઈ લોધી (ઉં.વ. ૩૫) નામના યુવાન ગઈકાલે રાત્રે સાડા બાર વાગ્યાની આસપાસ નવાગામ વિસ્તારમાંથી ગોલાની લારી લઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવ્યો હતો અને બરફ માંગ્યો હતો. યુવાને બરફ ખલાસ થઈ ગયો હોવાનું કહેતા જ તે શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને છરી વડે હુમલો કર્યા બાદ તે શખ્સ ગોલાની રેંકડીમાં રાખેલા ગલ્લામાંથી રોકડ લઈને ત્યાંથી ભાગી ગયો હતો. બનાવને પગલે લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

### પુત્ર–પૌત્રને ઈજાઃ જામજોધપુરથી બે દિવસ પૂર્વે પુત્રને ઘરે આવેલા વૃદ્ધના મોતથી પરિવારમાં શોક

# 150 ફૂટ રિંગ રોડ પર રિક્ષાની ઠોકરે બાઈક ચડી જતા વૃદ્ધનુ મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના દોઢસો ફૂટ રિંગ રોડ પર બાલાજી હોલ પાસે એક રિક્ષા ચાલકે બાઈકને હડફેટે લેતાં પુત્રના ઘરે આવેલા વૃદ્ધ પિતાનું મોત નીપજ્યું હતું જ્યારે તેના પુત્ર અને પૌત્રને ઈજા પહોંચી હતી સીમકાર્ડ લેવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો બનાવ અંગે માલવીયાનગર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર બાલાજી હોલ પાસે રિક્ષાની ઠોકરે બાઈક ચડી જતા સંઘ ચિરોડા ગામના પ્રેમગર મહાદેવગર ગોસ્વામી ઉ.૭૦નું મોત નીપજ્યું હતું, જયારે તેના પુત્ર અને પૌત્રને ઈજા થતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. રાજકોટમાં પુત્ર અને પૌત્ર સાથે મોબાઈલનું સીમકાર્ડ લેવા જતી વખતે વૃદ્ધને અકસ્માત નડ્યો હતો માલવીયાનગર પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે મૃતક પ્રેમગર ગોસ્વામી જામજોધપુરના સંઘ ચીરોડા ગામે મંદિરમાં સેવાપૂજા કરતા હતા, તે બે દિવસ પહેલા રાજકોટ પુનિતનગરમાં રહેતા પુત્ર મહેશગીરી ગોસ્વામીના ઘરે આવ્યા હતા. આજે તે પુત્રના બાઈક પર પૌત્ર પૂર્વગીરી ઉ.૫ સાથે મોબાઈલનું સીમકાર્ડ લેવા જઈ રહ્યા હતા. ત્યારે બાલાજી હોલ પાસે રિક્ષાના ચાલકે બાઈકને હડફેટે લેતા ત્રણેયને ઈજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં વૃધ્ધ પ્રેમગર ગોસ્વામીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાથી માલવીયાનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# લગ્નની લાલચ આપી તરુણી સાથે દુષ્કર્મ; આરોપીની ધરપકડ

## તરછોડી દેતા બે દિવસ પૂર્વે સગીરાએ ફિનાઈલ પી કર્યો હતો આપઘાતનો પ્રયાસ

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં ૧૦ માસ પૂર્વે સોશ્યલ મીડિયાના માધ્યમથી થયેલી દોસ્તી પ્રેમમાં પ્રસરી જતા ૧૭ વર્ષીય સગીરા છેલ્લા આઠેક માસથી આરોપી સાથે ત્યારે લગ્નની લાલચે દુષ્કર્મ આચરી બાદ તરછોડી દીધી હોવાથી લાગી આવતા ફિનાઈલ પી લીધું હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના કોઠારીયા રોડ પરના વિસ્તારમાં રહેતી ૧૭વર્ષ ૧૦ માસ ઉંમરવાળી સગીરાએ ભક્તિનગર પોલીસમાં કુવાડવા રોડ ડિ-માર્ટ પાસે રહેતા ઓમ ચંદ્રેશભાઈ નકુમ ઉ.૨૨ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૦ માસ પૂર્વે ઈન્સ્ટાગ્રામ મારફતે ઓમ સાથે પરિચય થયો હતો.બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાતા શખસે લગ્નની લાલચ આપી અનેક જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરતો હતો.બાદ ૧૫ દિવસ પહેલા તેણીને તરછોડી દઈ ઘરમાંથી કાઢી મુકી હોય જેથી તેણીને લાગી આવતા ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચેક રિટર્ન કેસમાં મોરબી કોર્ટનો કડક ઐતિહાસિક ચુકાદો

# 1.90 લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને 1 વર્ષની સજા ; 3.80 લાખ દંડનો હુકમ

**સિટી ન્યૂઝ@મોરબી**

વેપારી જગતમાં ચેકનો વિશ્વાસ ટકાવી રાખવા મોરબી અદાલતે દાખલારૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે ૧,૯૦,૦૦૦ ના ચેક રિટર્ન કેસમાં આરોપી ભરત માકાસણાને કસૂરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદ અને ચેકની રકમથી બમણો ૩,૮૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ચુકાદો ખોટા ચેક પધરાવી છેતરપિંડી આચરતા તત્વો માટે લાલબત્તી સમાન છે.

કેસની હકીકત મુજબ, ધરમપુરના ભરત માકાસણાએ 'શાંતિવન પ્લાય એન્ડ હાર્ડવેર' ના પ્રોપરાઇટર મયુર કોટડિયા પાસેથી હાર્ડવેરના સામાનની ખરીદી કરી હતી. આ ખરીદીની બાકી



એડવોકેટ
રાહુલ ડાંગર

રકમ ચૂકવવા વારંવારની ઉઘરાણી બાદ આરોપી ભરત માકાસણાએ મયુર કોટડિયાને ૧,૯૦,૦૦૦ રૂપિયાનો ચેક આપ્યો હતો. પરંતુ, બેંકમાં જમા કરાવતા તે અપૂરતા બેલેન્સના કારણે રિટર્ન થયો હતો.

ચેક પરત ફરતા મયુર કોટડિયાએ આરોપીને કાનૂની નોટિસ ફટકારી હતી. નોટિસનો સંતોષકારક જવાબ કે રકમની ચુકવણી ન થતાં, અંતે મયુર કોટડિયાએ વકીલ મારફતે મોરબી કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કેસ નંબર ૭૦૦૬/૨૦૨૪ થી ફરિયાદ દાખલ કરી હતી.ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના વકીલ રાહુલ ડાંગરે ધારદાર દલીલો કરી સાબિત કર્યું કે આરોપીએ જાણીજોઈને ચેક આપીને આર્થિક વિશ્વાસઘાત કર્યો છે. બેંકના પુરાવાઓ અને દસ્તાવેજોને ધ્યાને લઈ મોરબી કોર્ટે આરોપી ભરત માકાસણાને દોષિત જાહેર કર્યો હતો. કોર્ટે ગુનાની ગંભીરતાને લઈ આરોપીને ૧ વર્ષની સાદી કેદ અને ચેકની રકમના બમણા એટલે કે ૩,૮૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે દંડની રકમમાંથી ફરિયાદીને ચેકની મૂળ રકમ ૧,૯૦,૦૦૦ રૂપિયા ૯ ટકાના વાર્ષિક વ્યાજ સાથે ચૂકવી આપવાનો હુકમ કર્યો છે. જો આરોપી દંડ ભરવામાં કસૂર કે વિલંબ કરશે, તો તેણે વધુ ૯૦ દિવસની સાદી કેદની સજા ભોગવવી પડશે તેવો કડક આદેશ પણ ફરમાવાયો છે. આ કેસમાં ફરિયાદીને ન્યાય અપાવવા વકીલ રાહુલ ડાંગરે જહેમત ઉઠાવી હતી.







# ગોંડલના શેમળા ગામે તળાવમાં ડૂબવાથી ૩ માસૂમ બાળકોના મોત

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ તાલુકાના શેમળા ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. ગામમાં આવેલા ઓરિયા તળાવમાં રમતા-રમતા ૪ માસૂમ બાળકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ગોઝારી દુર્ઘટનામાં ૧ જ પરિવારના ૩ બાળકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧ બાળકની હાલત અત્યંત ગંભીર હોવાથી તેને રાજકોટ ખસેડવામાં આવ્યો છે. એકસાથે ૩ બાળકોની અર્થી ઉઠતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો મુજબ, શેમળા ગામના ખેડૂત નિરુભા હકુભા જાડેજાની વાડીમાં મજૂરી કામ કરતા શ્રમિક પરિવારના ૪ બાળકો વાડીની બાજુમાં આવેલા ઓરિયા તળાવ પાસે રમી રહ્યા હતા. રમતા-રમતા અચાનક તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બાળકો ડૂબતા હોવાની જાણ થતાં જ વાડી માલિક અને સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવીને ચારેય બાળકોને પાણીની બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ગોંડલની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા.

ગોંડલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ અર્જુન ભુરા બબેરીયા, લખત કરશન ડામોર અને ૩ વર્ષની લક્ષ્મી કરશન ડામોરને તપાસીને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૧ વર્ષના માસૂમ સાહિલ ભુરા બબેરીયાની હાલત અત્યંત ગંભીર જણાતા તેને તાત્કાલિક વધુ સારવાર માટે ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. રોજીરોટી રળવા આવેલા શ્રમિક પરિવાર પર અચાનક આભ તૂટી પડતા કરુણ આક્રંદ છવાયો હતો. આ ગોઝારી ઘટનાની જાણ થતાં ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે સેવાકીય પ્રવૃત્તિ ચલાવતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દિનેશ માધડ, ગીરીશ ગોહેલ અને વ્યાજબી સહિતના સેવાભાવીઓ પીડિત પરિવારની મદદે દોડી આવ્યા હતા. આ ઉપરાંત યુવા અગ્રણી ગણેશ જાડેજા, તાલુકા પંચાયત પ્રમુખ ભરત ઢોલરીયા, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા અને તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિન ઠૂંમર સહિતના રાજકીય આગેવાનોએ પણ હોસ્પિટલ પહોંચીને શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી અને જરૂરી તમામ સહાયની ખાતરી આપી હતી.

## સાચા કામની સાચી કદરઃ રાજ્યમાંથી 4 અધિકારીઓને મળ્યુ પ્રમોશન

# રાજકોટના વતની H.P.દોશીને DySpમાંથી SPનો તાજ

### અગાઉ રાજકોટમાં ACBના પૂર્વ DySp તરીકે પ્રસંશનીય કામગીરીની નોંધ લેવાઈ હતી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્ય પોલીસ વિભાગમાં મહત્વપૂર્ણ પ્રશાસકીય ફેરફાર હેઠળ ગૃહ વિભાગે ચાર ડીવાયએસપીને એસપી તરીકે પ્રમોશન આપ્યું છે. આ યાદીમાં રાજકોટના વતની અને એન્ટી કરપ્શન બ્યુરો (ACB)માં પ્રશંસનીય કામગીરી બજાવનાર એચ.પી. દોશીનો સમાવેશ થવો વિશેષ નોંધપાત્ર છે. ઈમાનદારી અને કડક કામગીરી માટે ઓળખાતા એચ.પી. દોશી હાલ પોલીસ ટ્રેનિંગ સેન્ટર, ચોકી (સોરઠ) ખાતે ફરજ બજાવી રહ્યા છે. તેમના પ્રમોશનને લઈને પોલીસ વિભાગમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

દોશી ઉપરાંત અન્ય ત્રણ અધિકારીઓને પણ એસપી તરીકે ઉન્નતિ આપવામાં આવી છે. જેમાં ઓએનજીસી-મહેસાણા ખાતે કાર્યરત અનામત પોલીસ દળ, જૂથ-૧૫ના મદદનીશ સેનાપતિ પી.વી. રાવલ, પોલીસ હેડ ક્વાર્ટર-ગોધરામાં ફરજ બજાવતા બી.એલ. દેસાઈ તેમજ અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરોમાં મદદનીશ નિયામક તરીકે સેવાઓ આપતા જી.વી. પઢેરિયા સામેલ છે.

ગૃહ વિભાગના આદેશ અનુસાર, ચારેય અધિકારીઓને હાલમાં તેમના મૂળ સ્થાન પર જ યથાવત રાખવામાં આવ્યા છે. આગામી સમયમાં જિલ્લા પોલીસ વડાઓની બદલી દરમિયાન આ અધિકારીઓને અલગ-અલગ જિલ્લાઓમાં નવી જવાબદારી સોંપવામાં આવી શકે છે. આ પ્રમોશનને પોલીસ વિભાગમાં સારા કામની કદર તરીકે જોવામાં આવી રહ્યું છે, જેમાં ઈમાનદાર અને કાર્યક્ષમ અધિકારીઓને યોગ્ય માન્યતા આપવામાં આવી છે.





# બાબા બાગેશ્વરની કથામાં બજરંગ દળ મેદાને

## સેવા–સુરક્ષા–સંસ્કારના ધ્યેય સાથે ૨૦૦થી વધુ બજરંગીઓ સંભાળશે મોરચો : 10-10 યુવાનોની ટોળીઓ ખડેપગે રહેશે; ધાર્મિક કાર્યક્રમમાં ખલેલ પહોંચાડનાર તત્વોને બજરંગ દળની ખુલ્લી ચીમકી

સિટી ન્યૂઝ@રાજકોટ

હિન્દુ ધર્મ અને રાષ્ટ્રની સુરક્ષા માટે હંમેશા અગ્રેસર રહેતા બજરંગ દળના કાર્યકર્તાઓ હવે રાજકોટમાં આયોજિત બાબા બાગેશ્વરની હનુમંત કથામાં સેવા અને સુરક્ષાની સંપૂર્ણ કમાન સંભાળશે. રેસકોર્સ મેદાન ખાતે આગામી તા. ૫ થી ૭ જૂન દરમિયાન યોજાનાર 'સનાતન સેતુ હનુમંત કથા'માં બજરંગ દળના ૨૦૦થી વધુ યુવાનો પોતાના 'સેવા-સુરક્ષા-સંસ્કાર'ના ધ્યેયમંત્રને સાર્થક કરતા ખડેપગે રહેશે.

વિશ્વ હિન્દુ પરિષદ (VHP) રાજકોટ મહાનગરના અધ્યક્ષ વનરાજભાઈ ગરૈયા અને વિભાગ મંત્રી કૃણાલભાઈ વ્યાસના જણાવ્યા અનુસાર, બજરંગ દળના યુવાનોએ ૧૦-૧૦ કાર્યકર્તાઓની વિશેષ ટોળીઓ બનાવી છે. આ ટોળીઓ કથામાં આવનાર હજારો ભક્તો માટે બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, સ્ટેજ, ખોયા-પાયા વિભાગ અને આવક-જાવક સહિતની તમામ વ્યવસ્થાઓનો સુચારુ કાર્યભાર સંભાળશે. સહમંત્રી પરેશભાઈ રૂપારેલીયાએ ખાતરી આપી છે કે બજરંગી યુવાનો પોલીસ પ્રશાસન સાથે ખભેખભો મિલાવીને સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થામાં સંપૂર્ણ મદદરૂપ થશે.

બજરંગ દળ રાજકોટના આગેવાનો રવિન્દ્રભાઈ બળગુજર, જીતુભાઈ કેસુર, હર્ષ મુંથરેજા, વિનીત જયસ્વાલ, હેનીલસિંહ પરમાર અને સંજયરાજ સોલંકીએ સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે, "અમે વીર હનુમાનજીના ઉપાસક છીએ અને હિન્દુ રાષ્ટ્ર અમારો સંકલ્પ છે. આ કથામાં અમારો મૂળ ભાવ માત્ર સેવાનો જ છે, પરંતુ જો કોઈ અસામાજિક તત્વ આ પવિત્ર આયોજનમાં ખલેલ પહોંચાડવાનો કે વિઘ્ન નાખવાનો પ્રયાસ કરશે, તો બજરંગી યુવાનો કાયદાની મર્યાદામાં રહીને આવા તત્વોને જડબાતોડ જવાબ આપવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે."

VHP ના જિલ્લા મંત્રી વિનય કારીયાની યાદી મુજબ, આ ભગીરથ સેવા કાર્યમાં રાજુભાઈ ઉમરાણીયા, કૌશિકભાઈ સરધારા, નવીન વાઘેલા, ભાવેશભાઈ લાઠીયા, ધનરાજ રાઘાણી, અલ્પેશ નાંઢા, સુરેશભાઈ પાટીલ, લલિત અને ધર્મેશ ગોહેલ, અનંતભાઈ નેનુજી, દિનેશભાઈ ચારણીયા, મૌલિક દાવડા, કુલદીપ અને જયદીપ વિસાણી, ડો. હિરેન વિસાણી, પંકજભાઈ તાવ્યા, દિલીપભાઈ દવે, ધ્વનિત સરવૈયા, ડો. રવિ પાટડીયા, સચિનભાઈ સોલંકી, ધર્મેશભાઈ ખેરડીયા, હર્ષ રાવલ, રાજુ રાજપુત અને જીતેન્દ્ર વેગડા સહિતના અનેક બજરંગ દળના યુવાનો નિસ્વાર્થ ભાવે સેવા યજ્ઞમાં જોડાશે.

## ભક્તિનગર રેલવે સ્ટેશન પર મહિલાનો 2 લાખની મતા ભરેલો થેલો ચોરનાર ઝડપાયો



સિટી ન્યૂઝ@રાજકોટ

ભક્તિનગર રેલવે સ્ટેશન પરથી કડી પંથકનાં મંજુલાબેન નામના મુસાફરનો રૂા. ૧૩ હજારની રોકડ અને રૂા.૧.૯૦ લાખના સોનાના ચેન સાથેના થેલાની ચોરી કરનાર વિજય પ્લોટના રાહુલ પરેશભાઈ જરીયાને રેલવે પોલીસે ઝડપી લીધો હતો.

તેની પાસેથી તમામ મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. ચોરીની આ ઘટના બાદ પીએસઆઈ બી.જે.જાડેજાએ રેલવે સ્ટેશન અને સિટીના સીસીટીવી કેમેરા જોઈ આરોપીની ઓળખ મેળવી હતી. આરોપી વાંકાનેર પંથકમાં મંદિરમાં દર્શન કરવા ગયો હતો. જ્યાંથી પરત આવતા તેને ઝડપી લીધો હતો ચોરી કરી તે દિવસે આરોપી તેની માતા સાથે ઝઘડો કરી ઘરેથી નીકળી ગયો હતો. તેનો ઈરાદો ટ્રેનમાં બેસી ક્યાંક જતા રહેવાનો હતો. ભક્તિનગર રેલવે સ્ટેશને પહોંચ્યો ત્યારે મંજુલાબેનનો થેલો રેઢો જોતા ચોરી કરી બહારગામ જવાનું મુલતવી રાખી પાટા પર થઈ શહેરમાં આવતો રહ્યો હતો તેણે ચોરીના મુદ્દામાલનો ઉપયોગ કર્યો ન હતો. જે રીતે મુદ્દામાલ હતો તે રીતે જ રાખી મુક્યો હતો. બીજી કોઈ ચોરીમાં તેની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે રેલવે પોલીસે તપાસ જારી રાખી છે.

**રાજકોટમાં પોલીસ પોતે અસુરક્ષિત**

## તને નોકરી નહીં કરવા દવ, ટોપી-પટ્ટા ઉતરાવી નાખવાની ધમકી આપી બેલડી ફરાર

### ટ્રાફિક પીઆઈએ નોંધાવી ફરજમાં રૂકાવટની ફરિયાદ : ડમ્પર અટકાવતા કાર અને બાઈક આડે નાખી આંતર્યા : ગાંધીગ્રામ પોલીસ દ્વારા શોધખોળ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટમાં પોલીસ પણ અસુરક્ષિત હોય તેવા બનાવો છશવારે સામે આવી રહ્યાં છે ત્યારે શીતલ પાર્ક પાસે ડમ્પર ડિટેઈન કરતાં જ થારમાં ઘસી આવેલ શખ્સોએ પીઆઈની ટીમને આંતરી રાજકોટમાં નોકરી નહિ કરવા દેવા અને પટ્ટા ટોપી ઉતારી દેવાની ધમકી આપતાં ચકચાર જાગી છે. જે બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવતા પોલીસે બંનેની શોધખોળ હાથ ધરી છે.

બનાવ અંગે રાજકોટ શહેર પોલીસમાં ટ્રાફિક શાખામાં પીઆઇ તરીકે ફરજ બજાવતા એસ.ડી. ગિલવાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મુન્નો કોઠીવાર અને એક બાઈકમાં આવેલ અજાણ્યા શખ્સનું નામ આપતા ગાંધીગ્રામ પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગઈ તા.૧ ના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક ચોક પાસે નવી બનતી ધ કેપિટલ બિલ્ડીંગ પાસે ફરજ પર હતા ત્યારે રાત્રિના સમયે આઠેક વાગ્યાની આસપાસ તેઓએ એક ડમ્પર ડીટેઈન કરવા માટે લઈને જતા હતા ત્યારે આરોપી મુન્નો કોઠીવાર પોતાની થાર કારમાં અને અજાણ્યો શખ્સ બાઈકમાં ઘસી આવ્યાં હતાં પીઆઈ એસ.ડી.ગીલવા દ્વારા ડમ્પરને કાર્યવાહી માટે લઈ જતા ત્યારે ડંપર આડે પોતાની કાર અને બાઈક રાખી પોલીસની ફરજમાં વિલંબ કરવા ડમ્પરમાં બેસેલ પોલીસ કર્મચારી સંજયસિંહ તથા ફરિયાદી સાથે ઉગ્રતાથી વાત કરી હું તમને રાજકોટમાં નોકરી કરવા નહીં દઉં અને તમારા પટ્ટા ટોપી ઉતરાવી નાખીશ તેવી ધમકી આપી ફરજમાં રોકાવટ કરી બંને આરોપી નાસી છૂટ્યા હતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ ડી.જે.જોષી અને ટીમે પોલીસની ફરજમાં રૂકાવટ કરી નાસી છૂટેલા બંને શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# અબુધાબીના BAPS હિન્દુ મંદિરને પ્રતિષ્ઠિત ટોલરન્સ એવોર્ડ એનાયત

» આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વૈશ્વિક સહિષ્ણુતા અને શાંતિ માટે અપાયું સન્માન

» બ્રહ્મવિહારી સ્વામીએ કુટુંબ, આસ્થા અને AI ટેક્નોલોજી અંગે વક્તવ્ય આપ્યું



સિટી ન્યૂઝ@અબુધાબી

બીએપીએસ હિન્દુ મંદિર અબુધાબીને ત્રીજી 'ઇન્ટરનેશનલ ડાયલોગ ઓફ સિવિલાઇઝેશન્સ એન્ડ ટોલરન્સ કોન્ફરન્સ' (IDCT ૨૦૨૬) માં પ્રતિષ્ઠિત 'ટોલરન્સ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર એવી સંસ્થાઓ અને વ્યક્તિઓને અર્પણ કરવામાં આવે છે, જેમનું કાર્ય વૈશ્વિક સહિષ્ણુતા, પારસ્પરિક આદર અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપે છે. કોન્ફરન્સની સાયન્ટિફિક કમિટી દ્વારા આંતરરાષ્ટ્રીય યોગદાનના આધારે આ પસંદગી કરવામાં આવી છે.

આ પુરસ્કાર UAE અને તેની બહાર સૌહાર્દ, સંવાદ અને સામાજિક એકતા કેળવવામાં મંદિરના અસાધારણ યોગદાનની સ્વીકૃતિ સમાન છે. ફેસ્ટિવલ ઓફ હાર્મોની, ઓમસીય્યત તેમજ કોવિડ કટોકટીના સમયમાં 'કેર ઈન ક્રાઈસીસ' જેવા રાહતકાર્યોને બિરદાવવામાં આવ્યા છે. આ એવોર્ડ હજારો સ્વયંસેવકોના સામૂહિક પ્રયાસ અને અસંખ્ય મુલાકાતીઓની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. મંદિરમાં દરેક સંસ્કૃતિ અને આસ્થાના લોકો સ્વાગત અને આદરનો અનુભવ કરે છે.

આ કોન્ફરન્સનું આયોજન એમિરેટ્સ સ્કોલર સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સ્ટડીઝ (ESCRS) અને અબ્રાહમિક ફેમિલી હાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું. UAE દ્વારા ૨૦૨૬ ને "યર ઓફ ધ ફેમિલી" જાહેર કરાયું છે. 'નવા માધ્યમો અને AI નો કુટુંબ અને સમાજ પર પ્રભાવ' વિષય પર કેન્દ્રિત આ પરિષદમાં વિશ્વભરના નિષ્ણાતો, સરકારી અધિકારીઓ અને સામાજિક આગેવાનો એકત્ર થયા હતા.ESCRS ના ચાન્સેલર ડૉ. અબ્દુલ્લા બેલ્હૈફ અલ નુએમી અને ડૉ. ખલીફા અલ ધાહેરીના હસ્તે આ સન્માન સ્વીકારતાં બીએપીએસ હિન્દુ મંદિરના વડા પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે પ્રમુખસ્વામી મહારાજના 'ઘરસભા' ના વિશિષ્ટ સંદેશનું સ્મરણ કરી જણાવ્યું કે સશક્ત સમાજ સશક્ત કુટુંબ પર આધારિત છે. તેમણે ટેક્નોલોજીના યુગમાં અર્થપૂર્ણ સંબંધોનું મહત્વ સમજાવતા કહ્યું કે, સમાજને માત્ર AI પાવર્ડ નહીં પરંતુ AI એમ્પાવર્ડ પરિવારોની જરૂર છે.

## રાજકોટમાં ધંધાકીય ખાર રાખીને પતરાંના કારખાનામાં તોડફોડ

### લેપટોપ, ટિવ, પ્રિન્ટરમાં 54 હજારનું નુકસાન કરનાર ભત્રીજા સામે ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ૮૦ ફૂટ રોડ પર શ્રીરામ ટ્રેડિંગ પતરાંના કારખાનામાં ધંધાકીય ખાર રાખીને તોડફોડ કરનાર સગાં ભત્રીજા સામે કાકાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાજકોટના ૮૦ ફૂટ રોડ ઉપર આંબેડકરનગરમાં રહેતા અને પતરાનું કારખાનું ધરાવતા કાળુભાઈ ચકુભાઈ ચાંડપાએ તોડફોડ કરનાર ભત્રીજા ધર્મેશભાઈ પ્રફુલભાઈ ચાંડપા થોરાળા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત તા.૨ મેના રોજ હું કારખાનામાં ઉપરના માળે હતો ત્યારે તોડફોડનો અવાજ આવતા મેં નીચે જોઈને જોયું તો મારી ઓફિસમાં લેપટોપ, ટીવી, પ્રિન્ટર, પૈસા ગણવાનું મશીન, ટેબલ-ખુરશી વગેરે તૂટેલા હતા આ અંગે ગત ૪ના રોજ કારખાનાની ઓફિસના સીસીટીવી રેકોર્ડિંગ જોતા તેમાં ધર્મેશ તોડફોડ કરતો જોવા મળ્યો હતો. ધર્મેશે ભાગીદારી છૂટી કરી હતી. મારો ધંધો સારો ચાલતો હોય જે તેને ગમતું ન હોવાનું મનદુખ રાખીને તોડફોડ કરી કુલ ૫૩૦૦૦ની નુકસાની કરી હતી.



## ફૂલછાબના તંત્રી જ્વલંતભાઈ છાયાના પિતાના અવસાન બાદ પરિવારે કર્યું પ્રેરણાદાયી ચક્ષુદાન

### બે દ્રષ્ટિહીન બાંધવોને મળશે રોશની; વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા 207મું ચક્ષુદાન સંપન્ન

સિટી ન્યૂઝ@રાજકોટ

જાણીતા વક્તા, લેખક, પત્રકાર અને ફૂલછાબ દૈનિકના યુવા તંત્રી જ્વલંતભાઈ છાયાના પિતા અનિલભાઈ મતિશંકર છાયાનું તાજેતરમાં દુખદ અવસાન થયું છે. તેઓ રાજકોટ એ.જી. ઓફિસમાં સિનિયર ઓડિટ ઓફિસર તરીકે યશસ્વી અને કર્તવ્યનિષ્ઠ ફરજ બજાવી ચૂક્યા હતા. આજીવન પ્રામાણિકતાથી સરકારી ફરજ બજાવનાર અનિલભાઈનું જીવન જેટલું પ્રેરણાદાયક હતું, તેમની વિદાય પણ એટલી જ સમાજપયોગી બની રહી. તેમના નિધન બાદ પુત્ર જ્વલંતભાઈ, જલ્પાબેન અને બિરદ સહિતના પરિવારજનોએ સ્વજન ગુમાવ્યાના આઘાત અને શોકની આ અત્યંત કપરી ઘડીમાં પણ પોતાની ઉચ્ચ વિચારધારાનો પરિચય આપી સમાજને નવો રાહ ચીંધી અનિલભાઈનું ચક્ષુદાન કરવાનો હૃદયસ્પર્શી નિર્ણય લીધો હતો. પરિવારના આ સંવેદનશીલ અને ઉમદા કાર્યથી બે અજ્ઞાત દ્રષ્ટિહીન બાંધવોના અંધકારમય જીવનમાં આજીવન નવી રોશની અને રંગ પથરાશે. આ ચક્ષુદાનની પ્રક્રિયા 'શ્રી વિવેકાનંદ યુથ ક્લબ' ના માર્ગદર્શક મુકેશભાઈ દોશી, ચક્ષુદાન અભિયાનના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. તબીબી પ્રક્રિયા માટે ડૉ. ધર્મેશ શાહનો સક્રિય સહકાર સાંપડ્યો હતો. સંસ્થાના માધ્યમથી આ ૨૦૭મું સફળ ચક્ષુદાન કરવામાં આવ્યું છે. ક્લબ દ્વારા આ તકે છાયા પરિવારનો આ પુણ્યના કાર્ય બદલ હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે પરિવારમાં કે આસપાસમાં કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન, સ્કીન ડોનેશન (ત્વચા દાન) અને દેહદાન જેવા માનવતાના ઉમદા કાર્યો માટે લોકોએ પ્રેરણા લેવી જોઈએ. આવા પુણ્યકાર્ય માટે કોઈપણ સમયે સંસ્થાના અનુપમ દોશી (મો. ૯૪૨૮૨ ૩૩૭૯૬) અથવા ઉપેનભાઈ મોદી (મો. ૯૮૨૪૦ ૪૩૧૪૩) નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# રાજકોટ RPF દ્વારા મુસાફરોનો ₹.3.29 લાખનો સામાન પરત

## મે મહિનામાં 29 મુસાફરોને લાખનો ખોવાયેલો સામાન પરત કરી પ્રામાણિકતા દર્શાવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા બળ (RPF) દ્વારા મે ૨૦૨૬ દરમિયાન 'સેવા હી સંકલ્પ' અભિયાન અંતર્ગત અત્યંત ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. મુસાફરોની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ રેલવે સંપત્તિના રક્ષણ માટે વિવિધ ઓપરેશન ચલાવીને RPF એ પોતાની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

IG અજય સદાની અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર કમલેશ્વર સિંહના માર્ગદર્શન હેઠળ RPF એ તકેદારી દાખવી છે. સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, 'ઓપરેશન અમાનત' અંતર્ગત વિવિધ સ્ટેશનો અને ટ્રેનોમાં ૨૯ મુસાફરોનો ભૂલથી છૂટી



ગયેલો અંદાજિત ૩,૨૯,૭૪૪ રૂપિયાની કિંમતનો સામાન સુરક્ષિત રીતે રિકવર કરીને સંબંધિત મુસાફરોને પરત સોંપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, 'ઓપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ ૨ બાળકોનું સફળ રેસ્ક્યુ કરી તેમના પરિવાર સાથે મિલાપ કરાવાયો હતો. જ્યારે 'ઓપરેશન ડિગ્નિટી' માં વિખૂટા પડેલા ૨ વ્યક્તિઓને શોધી કાઢી પરિવારને સોંપાયા હતા. મુસાફરોના સામાનની ચોરી અટકાવવા 'ઓપરેશન યાત્રી સુરક્ષા' હેઠળ સામાન ચોરીના ૧ કેસમાં ૧ આરોપીની ધરપકડ કરી રેલવે પોલીસ (GRP) ને સોંપાયો હતો. ટિકિટોનું કાળાબજાર રોકવા 'ઓપરેશન ઉપલબ્ધ' અંતર્ગત પણ ૧ શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ટ્રેન વ્યવહારને ખોરવતા તત્વો સામે કડક કાર્યવાહી કરતા RPF દ્વારા 'ઓપરેશન સમય પાલન' હેઠળ ગેરકાયદે ચેન પુલિંગના કુલ ૩૨ કેસ નોંધવામાં આવ્યા હતા, જેમાં ૨૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ 'ઓપરેશન જનજાગરણ' અંતર્ગત આસપાસના ગામોના સરપંચો સાથે બેઠક કરી માનવ તસ્કરી, ટ્રેનો પર પથ્થરમારો અને મહિલા સુરક્ષા અંગે વ્યાપક જાગૃતિ ફેલાવાઈ હતી. ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ RPF ની આ ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી મુસાફરોની સુરક્ષાને રેલવેની સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવી હતી.

# રાજકોટ જી.પં. ઉપપ્રમુખ સામતભાઈ બાંભવાનું રાજકોટ ભરવાડ સમાજ દ્વારા સન્માન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જીલ્લા પંચાયતની કોલીથડ બેઠક ઉપરથી ચુંટાયેલા ભરવાડ સમાજના અગ્રણી સામતભાઈ બાંભવાની રાજકોટ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે વરણી થતા સમગ્ર સમાજમાં હર્ષની લાગણી ફેલાઈ છે. સામતભાઈ બાંભવાનું રાજકોટ ભરવાડ સમાજ દ્વારા પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યુ હતું આ પ્રસંગે ભરવાડ સમાજના આગેવાનો ભીખાભાઈ પડસારીયા, રાજુભાઈ જુંજા, રણજીતભાઈ મુંધવા, લાલાભાઈ મીર, ભરતભાઈ મકવાણા, બાબુભાઈ માટીયા, નારણભાઈ લાંબરીયા, ગોપાલભાઈ સરસીયા, ગોપાલભાઈ ગોલતર, જગાભાઈ વકાતર, રામભાઈ ખીટ, રૈયાભાઈ બાંભવા, મેહુલભાઈ ગમારા, પારસભાઈ ખીટ, નીલેષભાઈ ભગત, સુનીલભાઈ ચાવડીયા, પારસભાઈ ખીંટ, હીરેનભાઈ ખીટ, મહેશભાઈ બાંભવા, સંજયભાઈ કાટોડીયા, ભરતભાઈ બાંભવા, બાલાભાઈ સભાડ, પોપટભાઈ ટોળીયા, વિહાભાઈ બોહલીયા, જીલાભાઈ સુસરા, વાઘાભાઈ બાંભવા, લાખાભાઈ ખીટ વગેરે સન્માન કાર્યક્રમમાં જોડાયા હતા.



# રાજ્યસભા સાંસદ જીતેન્દ્ર કણજારિયાનું સતવારા સમાજ દ્વારા સન્માન

## રાજ્યસભાના સભ્ય તરીકે પસંદગી પામવા બદલ સતવારા સમાજે પાઠવ્યા અભિનંદન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યસભાના સભ્ય તરીકે પસંદગી પામવા બદલ જીતેન્દ્ર મેઘજી કણજારિયાનું સતવારા સમાજના આગેવાનો દ્વારા પ્રમાણપત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સમાજના અગ્રણીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ તેમના ઉજ્જવળ, સફળ અને લોકહિતકારી રાજકીય કાર્યકાળ માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ઈશ્વર તેમને જનસેવા અને રાષ્ટ્રહિતના કાર્યોમાં સતત પ્રગતિ, સફળતા અને યશ પ્રદાન કરે તેવી મંગલ કામનાઓ પણ કરવામાં આવી હતી.




# રાજકોટની રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકાની સરાહનીય પર્યાવરણ ઝુંબેશ

» વિનોબા ભાવે શાળાના આચાર્ય વનિતા રાઠોડ દ્વારા શિક્ષણ સાથે પ્રકૃતિ સંરક્ષણનો સમન્વય

» શાળામાં બીજ બેંક, સૌર ઊર્જા અને જળ સંચય માટે 2 રિચાર્જ બોરની વ્યવસ્થા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની પીએમશ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નંબર ૯૩ ના આચાર્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા વનિતા રાઠોડ શિક્ષણની સાથે સાથે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. રડીબા ચેરીટિબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે તેઓ પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી વધારવા માટે અવિરત અને પ્રશંસનીય ઝુંબેશ ચલાવી રહ્યા છે. વનિતા રાઠોડ રક્ષાબંધન, વિશ્વ પર્યાવરણ દિવસ અને સ્વાતંત્ર્ય દિવસ જેવા રાષ્ટ્રીય અને સામાજિક તહેવારો નિમિત્તે શાળા અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજે છે. દર વર્ષે ૧૫ જૂનથી ૧૫ ઓક્ટોબર દરમિયાન તેઓ નિયમિત રીતે નવા રોપાઓનું વાવેતર અને સંવર્ધન કરે છે. વરસાદી ઋતુમાં હરિયાળી વધારવા માટે ખાસ 'સીડ બોલ' (Seed Ball) બનાવીને ઝુંબેશ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' (કચરામાંથી કંચન) અને જૈવિક ખાતર (કમ્પોસ્ટ) બનાવવાના પ્રોજેક્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓ અને લોકોમાં પર્યાવરણલક્ષી જાગૃતિ ફેલાવવામાં આવે છે. તુલસી અને અન્ય ઔષધીય છોડનું વિતરણ કરી લોકોમાં પ્રકૃતિપ્રેમ જગાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અબોલ પક્ષીઓ માટે માળા, ચણ અને ઉનાળામાં પાણીના પરબની ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. લુપ્ત થતા વૃક્ષો અને છોડને બચાવવા માટે શાળામાં એક ખાસ 'બીજ બેંક' (Seed Bank) પણ શરૂ કરવામાં આવી છે. પર્યાવરણ બચાવવાના આ ભગીરથ કાર્યમાં સૌર ઊર્જા (સોલાર એનર્જી) ના ઉપયોગને પણ ભારે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે શાળામાં ૨ રિચાર્જ બોર તૈયાર કરવામાં આવ્યા છે. પોતાની ટ્રસ્ટની ટીમ સાથે મળીને વનિતા રાઠોડ ન્યારી ડેમ અને જાહેર પ્રતિમાઓની સફાઈ ઝુંબેશ પણ નિયમિતપણે ચલાવી રહ્યા છે. વૃક્ષારોપણ, જળ સંચય અને પર્યાવરણ જાગૃતિના આ અવિરત કાર્યો દ્વારા તેઓ હરિયાળા અને સ્વસ્થ સમાજના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે.

# તીર્થરાજસિંહ ગોહિલના જન્મદિવસે રાજદીપસિંહ નિમિત્તે સેવા કાર્ય તથા પરમાર્થ ફાઉન્ડેશનની સ્થાપના

સિટી ન્યૂઝ@રાજકોટ




તીર્થરાજસિંહ હરદેવસિંહ ગોહિલના જન્મદિવસની ઉજવણી પ્રસંગે પ્રયાસ પ્રેઝન્ટ્સ એસોસિએશન ખાતે પૂજા પટેલના સહયોગથી અંદાજિત ૨૦૦ જેટલા બાળકો સાથે જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને તેમની જરૂરિયાત મુજબ વિવિધ ઉપયોગી ભેટ-સોગાદો આપવામાં આવી હતી. બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના ઉદ્દેશ્યથી ભેટ-સોગાદોની સાથે તેમના માટે નાસ્તાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તમામ બાળકો સાથે મળીને કેક કર્ટિંગ કરી તીર્થરાજસિંહના જન્મદિવસને અત્યંત યાદગાર અને આનંદમય બનાવવામાં આવ્યો હતો. આ જન્મદિવસ નિમિત્તે સમાજસેવાના કાર્યોને સતત ગતિ મળે તે હેતુસર રાજદીપસિંહ જાડેજા (રાજા વાવડી) દ્વારા પરમાર્થ ફાઉન્ડેશન ની સત્તાવાર સ્થાપના કરવામાં આવી હતી. આ ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો, વિધવા સહાય ફંડ દ્વારા નિરાધાર મહિલાઓને સહાયરૂપ થવાનો, હોસ્પિટલોને જરૂરી સાધન-સામગ્રી તથા ફંડની મદદ પહોંચાડવાનો તેમજ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં જરૂરી વ્યવસ્થાઓ માટે પૂરતો સહયોગ આપવાનો છે. પરમાર્થ ફાઉન્ડેશન દ્વારા ભવિષ્યમાં વિવિધ સેવાકીય અને જનકલ્યાણના કાર્યો હાથ ધરી સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વર્ગ સુધી સતત સહાય પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મદનમોહન પ્રભુની હવેલીમાં 7 જૂને 'ઈન્દ્રમાન ભંગ' મનોરથ

**અધિક માસ નિમિત્તે 7 જૂને ઠાકોરજી સન્મુખ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉઠાવ્યાના દર્શન**
**આગામી 5 જૂન, શુક્રવારે ભવ્ય આંબા મનોરથ, ઠાકોરજી મોતીના બંગલામાં બિરાજમાન થશે**

સિટી ન્યૂઝ@રાજકોટ

પવિત્ર અધિક માસ (પુરુષોત્તમ માસ) ચાલી રહ્યો છે, ત્યારે રાજકોટની શ્રી મદનમોહન પ્રભુની હવેલીમાં વૈષ્ણવ ભક્તો માટે દરરોજ જુદી જુદી સજાવટ અને મનોરથના અલૌકિક દર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અધિક જેઠ વદ સાતમને રવિવાર, ૭ જૂન ૨૦૨૬ ના રોજ હવેલીમાં 'ઈન્દ્રમાન ભંગ' મનોરથના ભવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આગામી ૭ જૂને યોજાનાર 'ઈન્દ્રમાન ભંગ' મનોરથમાં અદભુત દ્રશ્ય ઉભું કરવામાં આવશે. જેમાં ઠાકોરજીએ પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડ્યો હોય તેવું આબેહૂબ દ્રશ્ય અને વરસાદી વાતાવરણની સજાવટ કરવામાં




આવશે. ઠાકોરજી સન્મુખ થનારા આ અનેરા દર્શનનો લાભ લેવા માટે હવેલી પ્રશાસન તરફથી રાજકોટની સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. 'ઈન્દ્રમાન ભંગ' પૂર્વે, ૫ જૂન ૨૦૨૬ ને શુક્રવારના રોજ હવેલીમાં ભવ્ય 'આંબા મનોરથ' નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ મનોરથમાં વિશેષ આકર્ષણ તરીકે ઠાકોરજી મોતીના બંગલામાં બિરાજમાન થશે. આ બંને અલૌકિક મનોરથ માટે દર્શનનો સમય રાત્રે ૮:૩૦ કલાકે (શયન દર્શન) રાખવામાં આવ્યો છે.

દર્શન દરમિયાન કોઈપણ વૈષ્ણવ ભક્તને અગવડતા ન પડે તે માટે વ્રજધામ ગ્રુપ અને સજાવટ ગ્રુપ દ્વારા સુંદર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટી ગોવિંદ દાવડાના જણાવ્યા અનુસાર, વ્રજધામ અને સજાવટ ગ્રુપના સભ્યો દિવસ-રાત ભારે પરિશ્રમ કરી રહ્યા છે, જેથી વૈષ્ણવોને આ દિવ્ય અને ભવ્ય દર્શનનો સંપૂર્ણ લાભ મળી શકે.

# રાજકોટમાં 7 જૂને રઘુવંશી ગૌરવ સન્માન સમારોહ



સિટી ન્યૂઝ@રાજકોટ

રઘુવંશી યુવા શક્તિ સંઘ અને રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી ૭ જૂન ૨૦૨૬ ના રોજ સાંજે ૬ વાગ્યે રાજકોટના ભક્તિનગર સ્ટેશન પ્લોટ સ્થિત 'રાજકોટ એન્જિનિયરિંગ હોલ' ખાતે ભવ્ય 'રઘુવંશી ગૌરવ સન્માન સમારોહ' યોજાશે. સમારોહનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા વર્ગને રાજકીય અને સરકારી ક્ષેત્રે આગળ વધવા સચોટ માર્ગદર્શન આપવાનો છે. જાગનાથ મહાદેવ મંદિરના મહંત સાધ્વી અરુંધતી દાસજીની ઉપસ્થિતિમાં તેમના હસ્તે મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવશે. કાર્યક્રમ પૂર્વે સાંજે ૫:૩૦ વાગ્યે વિરાણી હાઈસ્કૂલથી રાજકોટ એન્જિનિયરિંગ હોલ સુધી ભવ્ય સ્વાગત રેલી યોજાશે, જેમાં ડી.જે., અશ્વ અને ૫૧ ગાડીઓના કાફલા સાથે મહાનુભાવોનું અભિવાદન કરાશે. સમારોહમાં નિવૃત્ત એસ.પી. બી.સી. ઠક્કર, રાજકોટના ડેપ્યુટી મેયર દક્ષા વસાણી, કોર્પોરેટર વર્ષા પાંધી અને નીતા લાલનું બહુમાન કરાશે. આ ઉપરાંત શહેર ભાજપ ઉપપ્રમુખ મેહુલ નથવાણી, યુવા મોરચાના જયભારત ધામેચા, હિરલ કટારીયા અને કિશન ઉનડકટને પણ બિરદાવવામાં આવશે. વર્ષ ૨૦૨૬ માં નવનિયુક્ત PSI યુવક-યુવતીઓનું વિશેષ સન્માન આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. રાજ્યભરમાંથી રઘુવંશી સમાજના રાજકીય, સામાજિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા કે.ડી. રઘુવંશી, કુલદીપ રઘુવંશી, પાર્થ જોબનપુત્રા, પ્રતિક રાચ્છ સહિતના હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



# મોચી સમાજ દ્વારા પિતૃ મોક્ષાર્થે ભાગવત કથાનું આયોજન

**લાલ ભવન ખાતે 7 જૂનથી 14 જૂન સુધી શ્રીમદ્ ભાગવત મહા કથા યોજાશે**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મોચી સમાજના આંગણે પ્રથમવાર શ્રી મોચી જ્ઞાતિ સેવા ટ્રસ્ટ અને વિવિધ સહયોગી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે સમસ્ત મોચી જ્ઞાતિના પિતૃઓના મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત મહા કથા - જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. લાલ ભવન ખાતે આગામી ૭ જૂન ૨૦૨૬ થી ૧૪ જૂન ૨૦૨૬ સુધી આ ધાર્મિક મહોત્સવ યોજાશે, જેમાં દરરોજ બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન કથાનું રસપાન કરાવવામાં આવશે.આ કથામાં દૂરથી આવતા સિનિયર સિટીઝનો માટે સંસ્થા દ્વારા ખાસ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. લાલ ભવનથી દૂર રહેતા ભાવિક સિનિયર સિટીઝનો માટે કથાના ૭ દિવસ દરમિયાન રહેવા ઉપરાંત સવારે ચા-કોફી-નાસ્તો અને બપોરે-સાંજે બંને સમયના ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ નિશુલ્ક સેવાનો લાભ લેવા ઈચ્છુક સિનિયર સિટીઝનોએ સુગમ વ્યવસ્થા અર્થે પોતાના નામ હર્ષદ મકવાણા (મો. ૯૪૨૮૭ ૯૨૦૨૯) ને તાકીદે નોંધાવી દેવા જણાવાયું છે. અન્ય કોઈ પણ માહિતી માટે કમલેશ ચાવડા (મો. ૯૭૨૪૪ ૫૯૮૪૨) નો સંપર્ક કરી શકાશે.

કથાનો મંગલ પ્રારંભ ૭ જૂન ૨૦૨૬ ના રોજ સાંજે ૫ કલાકે રામદેવપીર મંદિરથી લાલ ભવન સુધી નીકળનારી ભવ્ય પોથી યાત્રા સાથે થશે. ૭ દિવસ ચાલનારી આ કથા દરમિયાન કપિલ જન્મ, સતી અનસૂયા પ્રસંગ, નૃસિંહ જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ, વામન જન્મ, રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર, પરીક્ષિત મોક્ષ અને દશાંશ યજ્ઞ સહિતના શુભ પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે. આ પુણ્યશાળી જ્ઞાન યજ્ઞમાં કથા શ્રવણનો લાભ લેવા માટે પ્રમુખ વિપુલ વાઢિયા, કમલેશ ચાવડા અને ટ્રસ્ટી ટીમ દ્વારા સમસ્ત મોચી સમાજને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દિવ્યાંગો માટેના 3 દિવસીય ફ્રી જયપુર ફૂટ કેમ્પનું સમાપન

## સરગમ ક્લબ અને કશ્યપ જ્વેલર્સ દ્વારા 1 થી 3 જૂન સુધી યોજાયેલા કેમ્પમાં 100 દર્દીઓને મળ્યો લાભ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રે અગ્રેસર રહેનાર સરગમ ક્લબ દ્વારા શહેરમાં દિવ્યાંગોની સેવા માટે વધુ એક સરાહનીય આયોજન પૂર્ણ કરવામાં આવ્યું છે. સરગમ ક્લબ અને કશ્યપ જ્વેલર્સ (દુબઈ) ના ચંદ્રિકા અને ભરત રૂપારેલિયાના સંયુક્ત ઉપક્રમે રાજકોટમાં ૧ જૂન ૨૦૨૬ થી ૩ જૂન ૨૦૨૬ સુધી ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો હતો.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ ૩ દિવસના કેમ્પમાં કુલ ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ દિવ્યાંગ દર્દીઓએ સંપૂર્ણપણે વિનામૂલ્યે લાભ લીધો હતો. આ કેમ્પમાં ૩૮ દર્દીઓને કેલિપર્સ અને ૫૦ દર્દીઓને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત અગાઉ જે લોકો અહીંથી








કૃત્રિમ સાધનો લઈ ગયા હોય તેવા ૧૨ દર્દીઓને રિપેરિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવી હતી. રાજસ્થાનથી આવેલા નિષ્ણાત ડોક્ટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા અને તુફાનસિંહ તોમર દ્વારા દર્દીઓની સચોટ સારવાર અને ફિટિંગ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આવનાર તમામ દર્દીઓ માટે વિનામૂલ્યે ચા-પાણીની વ્યવસ્થા રાખવામાં આવી હતી.આ કેમ્પને સફળ બનાવવા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા, ભરત રૂપારેલિયા તથા કમાણી ફાઉન્ડેશનના દીપક કમાણી અને રશ્મી કમાણીના માર્ગદર્શન હેઠળ કિશોર પરમાર, જે. કે. સરાઠે તેમજ કમિટી મેમ્બર અનવર ઠેબા, કનૈયાલાલ ગજેરા, કૈલાસ વાળા, હર્ષા પીઠડીયા, સુધા દોશી, ઉર્વશી ટાંક, મધુરીકા જાડેજા, હર્ષા કથ્રેચા, નિતા ઓઝા અને નિશા વડગામાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### આગામી કેમ્પ ૧ જુલાઈથી યોજાશે

આ કેમ્પ માટે મુખ્ય આર્થિક સહયોગ કશ્યપ જ્વેલર્સ (દુબઈ) ના ચંદ્રિકા અને ભરત રૂપારેલિયા તરફથી મળેલ છે. દાતા પરિવારે ખાતરી આપી છે કે હવે દર વર્ષે ૧ જૂનના રોજ તેઓના સહયોગથી જયપુર ફૂટ કેમ્પ યોજાશે. સંસ્થાના જણાવ્યા મુજબ, આગામી નવો કેમ્પ ૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ ૩ દિવસ માટે યોજવામાં આવશે.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| CMR GREEN TECHNOLOGIES | 03/6 | 05/6 | 182 - 192 | 78 | 14,976 |
| HEXAGON NUTRITION | 05/6 | 09/6 | 42 - 45 | 333 | 14,985 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| VAHH CHEMICALS | 04/6 | 08/6 | 60 | 4000 | 2,40,000 |
| UHM VACATION | 04/6 | 08/6 | 157 - 166 | 1600 | 2,65,600 |
| GENXAI ANALYTICS | 05/6 | 09/6 | 110 - 116 | 2400 | 2,78,400 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- રેટગેઈન ટ્રાવેલ ટેક્નોલોજીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ‘આરજી પી’ (રેટગેઈનના એમ્બેડેડ ફાઈનાન્શિયલ ટેક્નોલોજી પ્લેટફોર્મ) માટે વૈશ્વિક ચુકવણી કામગીરીના સંપૂર્ણ લાઈફસાયકલ અને જટિલતાને સંચાલિત કરવા માટે બોક્સપે (ઝડપથી વિકસતું પેમેન્ટ ટેક્નોલોજી પ્લેટફોર્મ) સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ નોકિયન ટાયર પીએલસી સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ જોડાણના ભાગરૂપે કંપની નોકિયન ટાયર્સના એપ્લિકેશન મેનેજમેન્ટ, વિકાસ અનેઓનસાઈટ સપોર્ટ સેવાઓમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ઉપયોગને વિસ્તૃત કરશે.
- એટલાન્ટા ઈલેક્ટ્રિકલ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને પંજાબ સ્ટેટ ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (પીએસટીસીએલ) પાસેથી એનઆઈએફબીઈએસ અને ઓપ્ટિકલ સ્પેર્સ સહિત ૧૬૦ એમવીએ, ૨૨૦/૬૬ કેવી પાવર ટ્રાન્સફોર્મર્સની ૨૩ યુનિટની સપ્લાય માટે ઓર્ડર મળ્યો છે. ઓર્ડરનું મૂલ્ય રૂ.૨૮૫ કરોડ છે.
- ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે ભારતના રેલ ફ્રેઈટ સેક્ટરમાં સૌથી મહત્વપૂર્ણ માળખાકીય વિકાસમાંની એક ટોક્સ ગ્રુપ, ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ. અને ટ્રિનિટીરેલ ગ્લોબલ ઈન્ક. (ટ્રિનિટી) (ટ્રિનિટી ઈન્ડસ્ટ્રીઝ ઈન્ક.ની સબસિડિયરી)એ ભારતમાં રૂ.૩ લાખ કરોડના ફ્રેઈટ રેલ ઈકોસિસ્ટમને પરિવર્તિત કરવા માટે ભાગીદારી કરી છે.
- પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ગુજરાતમાં ટ્રાન્સમીશન નેટવર્ક એક્સપાન્સન નામે પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.
- પર્સિસટન્ટ સિસ્ટમ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ એઆઈ-પ્રતિભાની આગામી પેઢીને મજબૂત બનાવવામાં મદદ કરવા માટે ‘ડેટાબ્રિક્સ’ અને ‘મિલવૌકી સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ’ (એમએસઓઈ) સાથે એઆઈ એન્જિનિયરિંગ પ્રતિભા પહેલ પર સહયોગકર્યો છે.
- હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિ.એ નવી દિલ્હીમાં ઇટરનિયાના ફ્લેગશિપ એક્સપિરિયન્સ સેન્ટરના લોન્ચ સાથે હિન્ડાલ્કોએ એન્જિનિયર્ડ સિસ્ટમ એલ્યુમિનિયમ વિન્ડો બિઝનેસને મજબૂત બનાવ્યો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**